Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૧૮ • તા. ૨૭ એપ્રિલ થી ૩ મે ૨૦૧૩ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14

## મુંબઇમાં ભલારા દાદાની ૨૫મી સમુહ પહેડી ઉજવણી સંપન્ન

**લાભાર્થીઓ : માં. કુંવરબાઇ વિશનજી મોતા પરિવાર (સુથરી) અને મા. લીલાવંતી લક્ષ્મીચંદ લોડાયા પરિવાર (સુથરી)**


ભલારા દાદાના ૨૯ સ્થળના ચિત્ર


પહેડીના પ્રારંભે નૈવદ વધામણાં


મંચપર દાદાની દેરીની સજાવટ


પહેડી પ્રસાદનું વિધાન કરતા લાભાર્થી પરિવાર


પૂ. દાદાના પૂજનનું વિધાન કરતા લાભાર્થીઓ


મંચપર દાદાની દેરીની સજાવટ


દાદાના પુસ્તકનું વિમોચન


પહેડીમાં ઉપસ્થિત બહેનો


પહેડીમાં ઉપસ્થિત ભાઇઓ


પહેડીમાં પધારેલ અગ્રણીઓ


મંચપર દાદાની છબીની સ્થાપના


આરતી પ્રસંગે ભાવિકગણ

# ભાવભીની શ્રદ્ધાંજલિ

દેહધારણ
તા.૧૩.૧૧.૧૯૪૫



દેહવિલય
તા.૦૭.૦૪.૨૦૧૩

## શ્રી શરદ જવેરચંદ ખોના

(બારોઇ-હુબલી હાલ મોન્ટ્રીઅલ - કેનેડા)

જીવનરૂપી જીવનમાં પુષ્પ બની ખીલી ગયા
થઇને ધૂપસળી સર્વત્ર સુવાસ પ્રસરાવી ગયા
આપના પ્રેમળ માયાળુ મિલનસાર સ્વભાવની સુવાસ કાયમ મહેકતી રહેશે.
જીવન એવું જીવ્યા કદી ભુલાય નહી, વિદાય એવી લીધી જ ક્યારેય વિસરાય નહીં.
પરમ કૃપાળુ પરમાત્મા પવિત્ર આત્માને શાંતિ આપે એજ અમારી પ્રાર્થના....

**- : શોકાતુર :-**

શ્રીમતી કોકીલા શરદ ખોના (કેનેડા)

**માતુશ્રી સ્વ. નવલબાઇ જવેરચંદ શીવજી માણેક ખોના પરિવાર**
**(બારોઇ - હુબલી)**

| | | |
|---|---|---|
| ભાઇ - ભાભી | : | સૌ. શાંતાબેન વિરેન્દ્ર ખોના (અમેરીકા) |
| | : | સૌ. હેમલતાબેન કુમાર ખોના (અમેરીકા) |
| | : | સૌ. ગુણવંતી હરીશ ખોના (અમેરીકા) |
| બેન - બનેવી | : | સૌ. ચંદા અશોક ડાગા (કોઇમ્બતૂર) |
| | : | સૌ. કલ્પના પ્રફુલ મોતા (હુબલી) |
| | : | સૌ. દિવ્યા ભરત નાગડા (કોચીન) |

## એવમ સર્વે પરિવારજનો

**ૠણસ્વીકાર**

અમારા દુખમાં સર્વે સગા સબંધીઓ, મિત્રો, સંબંધીઓએ સહભાગી થઇ ફોન, ટપાલ, ઇમેઇલ અને રૂબરુમાં જે શાંત્વના આપી છે તે બદલ સર્વેના અમો આભારી છીએ.

**આદ્યતંત્રીઓ**
"પ્રકાશ"
ડો. વેલજી પાશ્વીર ગોસર
"સમીક્ષા"
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
"પ્રકાશ સમીક્ષા"
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી - 09820808077

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા

**અંક નં. 18 / 2013**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર**
**સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

# Hope 1000-શ્રેષ્ઠ વ્યવસાયિક રોકાણ તથા શ્રેષ્ઠ સેવા આયોજન

'પ્રકાશ-સમીક્ષા'માં શ્રી ચંદ્રસેન મોમાયાનો ઉપરોક્ત લેખ વાંચ્યો. ખુબ આનંદની વાત છે કે આપણી જ્ઞાતિ કોર્પોરેટ કલ્ચરના લાભો માટે સક્ષમ થઈ છે. આ લેખે મને ખુબ પ્રભાવિત કર્યો છે. જ્ઞાતિને ઉચ્ચ સ્તરિય સામાજીક અને આર્થિક સ્થિતિએ પહોંચાડવા જ્ઞાતિહિત ઈચ્છુકો પ્રયત્નશીલ છે. થઈ રહેલા પ્રયાસોની સફળતા આપણે સૌ ઈચ્છીએ.

મારા મતે શ્રી ચંદ્રસેન મોમાયાના સૂચનો ધીમી પ્રગતિ કરી રહેલ આયોજનને ગતિ આપવા માટે ઉત્તમ છે. વધુમાં કચ્છ છોડી, સો-સવાસો વર્ષોથી મુંબઈ(મહારાષ્ટ્ર) ગુજરાત, આંધ્રપ્રદેશ, કર્ણાટક, મધ્યપ્રદેશ વિ. ના શહેરો તથા નગરોમાં વસવાટ કરી રહેલાં જ્ઞાતિબંધુઓ માટે ''રહેઠાણ'' (પોતીકું ઘર) એ પ્રાણ પ્રશ્ન છે. ૭૫૦૦ કુટુંબો, ૩૦,૦૦૦ ની જનસંખ્યા ધરાવતો નાનકડો કે.ડી.ઓ. સમાજ-ઓછા શ્રીમંત કુટુંબો તથા વધુ પડતા મધ્યમવર્ગીય તથા સાધારણ આર્થિકતા ધરાવતા કુટુંબોનો બનેલો છે. આમાં ૨૫-૩૦ ટકા કુટુંબો રહેઠાણની સમસ્યાનો સામનો કરી રહ્યા હશે.

લાંબા ગાળાના આયોજનો, વ્યક્તિગત પ્રગતિ માટે કોર્પોરેટ ક્ષેત્રમાં રોકાણ કરી આર્થિક લાભ વધારવા માટે જરૂરી છે. પરંતુ માલિકીના ઘરની ઈચ્છા ધરાવતા જ્ઞાતિજનો-મધ્યમવર્ગીય કે સામાન્ય સ્થિતિના હોય તેવા કુટુંબો માટે રહેઠાણ માટેના આયોજનો બે-ત્રણ વર્ષમાં જ પૂર્ણ કરી શકાય તેવા હોવા જોઈએ. જીવનની ઘરેડમાં વર્ષો વિતાવ્યા બાદ માંડમાંડ થયેલ બચતનું રોકાણ આધેડ વયે કરાય અને વૃદ્ધાવસ્થા સુધી પણ રહેઠાણ પ્રાપ્ત ન થાય તો જીવનમાં નિરાશા ઉત્પન્ન થાય છે. મોટી યોજનામાં વર્તમાન તથા ભવિષ્યનો યોગ્ય વિચાર કર્યા વિના સભ્ય થનારા રોકાણ કર્યા પછી ખુબ ખુબ પસ્તાય છે. પ્રતિભાશાળી આયોજકો એમની મુશ્કેલી સમજે, કદાચ યોજનામાંથી નીકળી જવા માટે વ્યવસ્થા પણ કરી આપે. પરંતુ પરત આવેલ નાણાં રોકાણ વખતની તાકાત ગુમાવી બેસે છે. રકમ તે રહે છે. થોડીક વધુ પણ પરત મળે છે, છતાં રહેઠાણ માટે ફરીથી રોકાણ કરવા યોગ્ય રહેતી નથી.

મારા (રહેઠાણની સમસ્યા ઉકેલવાના) અનુભવની રીતે જણાવું તો રહેઠાણની બાબતને આપણા આખા સમાજે-એને પોતાના આખા સમાજની સમસ્યા તરીકે ગણી લઈ, એક પંચવર્ષિય યોજના બનાવવી જોઈએ. આ માટેની જરૂરત એ છે કે જે તે વિસ્તારની વગદાર વ્યક્તિઓ નવા નવા કોમ્પલેક્ષ-સોસાયટીઓના આયોજન થતાં હોય ત્યારે મકાનની જરૂરિયાતવાળા કે.ડી.ઓ. કુટુંબોનું જુથ બનાવી, બનનાર કોમ્પલેક્ષ કે સોસાયટીના માલિકોને મળી શક્ય એટલે કિંમતોમાં ઘટાડો કરાવડાવી (નવા પ્રોજેક્ટ વખતે નાણાભીડ અનુભવતા માલિકો કિંમત ઘટાડા માટે માની પણ જાય છે) જરૂરી સુધારા-વધારા (રહેઠાણોમાં) કરાવડાવી, જ્ઞાતિ આયોજક (મકાનો મેળવી આપવાનો પ્રયાસ કરનાર) જે રીતે પોતાના ધંધા માટે, સ્વપ્રગતિ માટે પ્રયત્ન કરતાં હોય, તેવી જ રીતે પોતાની વગનો ઉપયોગ કરી શક્ય-અશક્ય હોય છતાં પણ પોતાની બુદ્ધિ આવડતનો ઉપયોગ કરી હાઉસીંગ લોન અપાવે તો તે નગરમાં કે.ડી.ઓ.ની પ્રગતિ શરૂ થઈ જાય. જરૂરી આર્થિક ક્ષમતાવાળાઓનો સમુહ બનાવી સમુહ માટે જમીન ખરીદી પ્લાન પાસ કરાવી, સારી એવી ઓછી કિંમતે મકાનો બંધાવડાવી શકાય. સભ્યોમાં જ વિવિધ કામોની જવાબદારી સોંપી કાર્ય પાર પાડી શકાય.

લોન મેળવવા માટે જરૂરી ઉંમર, નિયમિત આવક તથા બાહેંધરીના જરૂરી પુરાવા વિ. માટે માર્ગદર્શક બની વ્યક્તિગત કે સામુહિક લોન મેળવી શકાય. જો કે દરેક નગર-શહેરમાં અલગ અલગ સ્થિતિઓ હોય છે. જો ટૂંક સમયમાં નક્કર લાભ થતો હોય તો જ્ઞાતિસેવાર્થે ક્યાંક જોખમ વહોરીને પણ વર્ષો ન બગાડતા બને એટલું ઝડપી આયોજન પૂર્ણ કરવું જોઈએ.

પ્રાતઃ સ્મરિણ શેઠશ્રી નરશી નાથા વિ. શ્રેષ્ઠીઓએ જ્ઞાતિહિત માટે ધર્મશાળાઓ શૈક્ષણિક સંસ્થાઓ-દેરાસરો વિ. બનાવડાવી, પોતાની સંપત્તિ-શક્તિ-આવડતનો પૂર્ણ ઉપયોગ કરીને જ્ઞાતિને પ્રતિષ્ઠા અપાવી છે. પરિણામે આજે સમાજમાં ભણેલો,

આર્થિક અને સામાજીક સ્ટેટ્સ ધરાવતો વર્ગ ઊભો થયો છે. તો જે જ્ઞાતિજનો આવા લાભોથી વંચિત રહી ગયા તેમને ઉપર લાવવા આપણે પ્રયત્ન કરીએ સમાજનું ઋણ અદા કરવાનો આ સરસ અવસર છે.

હું એક શિક્ષણશાસ્ત્રી છું. ૭૦ વર્ષથી ગુજરાતમાં રહુ છું. ૧૯૯૦-૯૧માં વડોદરામાં મારે બે મજબુત મનોબળવાળા મિત્રો, શ્રી રતીલાલ પનપારિયા તથા શ્રી દિનેશ ઉમરશી ધરમશી આમ અમે ત્રણેય મળીને કે.ડી.ઓ. નગર-વડોદરાનું રહેવા સહિતનું આયોજન ફક્ત ૧૧ મહિનાઓમાં પાર પાડ્યું હતું. તે વખતે આ સ્થળ શહેરથી દૂર હતું. ત્રણ-ચાર વરસમાં જ તે શહેરી વિસ્તાર બની ગયું. અમે ત્રણે જણા મધ્યમવર્ગીય. અમારા પોતાના ઘરો હતા. રતીલાલ પનપારિયા એક ટ્રાન્સપોર્ટર છે. તદ્‌ઉપરાંત તેઓશ્રી હાડકાના દર્દો માટે સારૂં એવું જ્ઞાન ધરાવે છે. વરસોથી શહેરના તથા દૂરના ઘણા બધા દર્દીઓની નિઃશુલ્ક સેવા કરે છે. દિનેશભાઈ પણ ટ્રાન્સપોર્ટર છે. તેઓ પોલીસ ખાતામાં સારી એવી વગ ધરાવે છે. મેં સ્થાનિક લોકો માટે શૈક્ષણિક સંસ્થાઓ ઊભી કરવા શક્ય તે બધી તન-મનથી મદદ કરેલ છે. વધુમાં શહેરની આજુબાજુના ખેડુતોની જમીનો રીફાઈનરી, આઈ.પી.સી.એલ., જી.એસ.એફ.સી. વિ. સ્કુલો બન્યા ત્યારે ઓછા નાણે ફરજીયાત વેચવી પડી હતી. તેઓને પાછળથી પુરા નાણા અપાવવા શક્ય તે બધું કર્યું છે. વધુમાં ઉચ્ચ અધિકારીઓ એન્જીનીયરો, ડૉક્ટરો, વકીલો, સરકારી અધિકારીઓ વિ. મારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હોવાથી તેમના સંબંધોનો લાભ કે.ડી.ઓ. નગર ઊભું કરતી વખતે-લોન પેપર્સ જે ૨૧માંથી ૨૦ વ્યક્તિઓ માટે શક્ય જ ન હતા તે બનાવડાવી-પ્રમાણિત કરાવવા શક્ય તે બધુ એક પણ પૈસાનો ખર્ચ કર્યા વિના જ્ઞાતિ હિતાર્થે કર્યું હતું.

આ વિગતો ફક્ત જ્ઞાતિ હિતચિંતકોને પ્રેરણાદાયી થાય એટલે જ આપી છે. કોઈ પણ માન-સન્માનની અપેક્ષા નથી. મને ૭૫મું વરસ ચાલે છે. છેલ્લા ૧૮ વર્ષથી હું બધા ગચ્છના સાધુ-સાધ્વીજી ભગવંતોને શાસન સેવાર્થે અંગ્રેજી ભણાવુ છું. અંગ્રેજી ભણ્યા પછી પૂજ્યશ્રીઓ આગમના અતિમહત્વના તત્ત્વોને પોતાની રીતે અંગ્રેજીમાં લખી-છપાવડાવી, નવી પેઢીને એ ધર્મતત્વો સમજાવી શકે.

રહેઠાણ અંગેની સામુહિક સમસ્યા (ગમે તે સ્થળે હોય) તો મને જણાવશો-શક્ય એવી રીતે ઉપયોગી થતાં, એ લાભ મળ્યાનો મને આનંદ થશે.

કે.ડી.ઓ. નગર-વડોદરા માટે એક પૈસો પણ ધર્માદાનો, કે આયોજકોનો લેવાયો નથી. ખુબ જ નજીવી રકમ સભ્યોની પોતીકી રકમ તથા લોનથી સૌ સભ્યો મકાનમાલિક બન્યા છે. ત્યારપછી દેરાસર તથા હોલ કે.ડી.ઓ. સંઘ-વડોદરાએ ત્યાં બનાવ્યા છે.

**- નટવરલાલ રાઘવજી નાગડા**
M.A.M.Ed. LL.B. Ex-Fellow Michigun University (U.S.A.)

## લોડાયા સચ્ચા માતાજી-સાંયરા

સાંયરામાં આપણાં કુળદેવી લોડાયા સચ્ચા-સકત માતાજીને નમતાં સર્વ ભાવિકોને જણાવવાનું કે પોતાના કુટુંબીજનોના નામ, સંપૂર્ણ સરનામું, ઘરના ટેલીફોન નંબર, મોબાઈલ નંબર અને ઈ-મેઈલ વિગેરેની સંપૂર્ણ માહિતી નીચે મુજબના સરનામે પત્ર દ્વારા તા. **૩૧.૫.૨૦૧૩** સુધીમાં મોકલવા નમ્ર વિનંતી છે. લોડાયા માતાજીને નમતા સર્વ ભાવિકોની સંપૂર્ણ ડાયરી બનાવવામાં આવશે. જેથી ભવિષ્યમાં યોજાનારા સમુહ-પહેડી કે અન્ય કાર્યક્રમના આયોજન વિષેની સંપૂર્ણ માહિતીની જાણ કરવામાં સુગમતા રહેશે.

-: સંપર્ક :-

**શ્રી જવેરચંદ અરજણ લોડાયા - 9004662741**
**શ્રીમતી રેખા પરેશ લોડાયા - 9820697909**
૧૦૩/એ, શ્રીનાથ કોમ્પલેક્ષ, રાજા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટની બાજુમાં, પી. કે. રોડ એક્સટેન્શન, નાહુર, મુલુંડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૮૦.

## 'જિનાજ્ઞા' પુસ્તક પ્રાપ્તિસ્થાનના કેન્દ્ર

| સ્થળ | નામ | ફોન નંબર |
|---|---|---|
| મલકાપૂર | પ્રતિભાબેન દંડ | 09881903034 |
| બેંગલોર | હિરાબેન ધરમશી | 080-26625150 |
| હુબલી | ગિરિશભાઈ મોમાયા | 09342540903 |
| કોચીન | મીતાબેન નાગડા | 09495990855 |
| કોઈમ્બતુર | જ્યોત્સનાબેન લોડાયા | 04222540596 |
| કચ્છ | પ્રવિણભાઈ દંડ | 02836-264260 |
| ભાંડુપ | લહેરચંદભાઈ મૈશેરી | 09146465151 |
| ડોંબિવલી | નીનાબેન સાયલા | 09022876713 |
| ઘાટકોપર | નીનાબેન | 022-25011455 |
| મુલુંડ | દિવ્યાબેન | 022-25610167 |
| અનંતછાયા | હિનાબેન | 09322354213 |
| હૈદ્રાબાદ | હંસકુમાર | 04066732545 |
| અંકલેશ્વર | શોભનાબેન દંડ | 09925462870 |
| વાપી | ધનલક્ષ્મીબેન | 09638415216 |

**વિશેષ માહિતી માટે સંપર્ક**
**લક્ષ્મીચંદભાઈ ચાંપશી દંડ**
**079 - 40094514 - 9374881300**

## ક્રિયા કર્મકાંડોમાં અટવાઈ ગયેલા જૈન ધર્મના મૂલભૂત સિદ્ધાંતો - લક્ષ્મીકાંત ભવાનજી લાપસિયા (જલગામ)

આચાર્યશ્રી હેમચંદ્રસાગરસુરી સન્માન ૧૭મા પુરસ્કારથી ગૌરવાન્વિત થયેલા જૈન કલા અને સૌંદર્યશાસ્ત્રના વિદ્વાન અભ્યાસુ શ્રી મારૂતીનંદન પ્રસાદ તિવારી તરફથી જૈન તિર્થંકરોના મુર્તિઓની વિધીવત પૂજા-અર્ચના કરીને આપણે શું પ્રાપ્ત કરીએ છીએ? આ પ્રશ્નના જવાબમાં નીચે મુજબના વિચારો વ્યક્ત કરવામાં આવ્યાં.

So far as rituals are considered, people do it and then go home to the same life, same weakness, Be a Vitaraagi, Free of desire and passion. Thirthankaras are embodiments of renunciation and austerity, they have left everything. Yet devotees will place corwn on them with jewellery torturing Thirthankaras who have left everything. Why are you imposing your affluence on them?

જ્યાં સુધી વિધિવિધાનોનો સવાલ છે, લોકો તેમાં સહભાગી થાય છે અને ઘરે જઈ તેવું ને તેવું જીવન જીવવાનું ચાલુ રાખે છે. વિતરાગી એટલે કે ઈચ્છા અને વાસનાથી મુક્ત હોઈ તિર્થંકરો ત્યાગ અને વૃત્તિસંક્ષેપનું મૂર્તિમંતરૂપ છે, તેમણે બધી વસ્તુઓ છોડી દીધી છતાં અનુયાયીઓ તેમના માથે જવેરાતનો મુગટ પહેરાવી સર્વ ત્યાગી તિર્થંકરોને એક રીતે દુઃખી કરે છે. ભક્તો શા માટે પોતાની ઈચ્છાઓ તેમના પર લાદે છે.

ઉપરોક્ત જવાબમાં છેલ્લે વિચારાયેલો પ્રતિપ્રશ્ન અર્થપૂર્ણ અને અતિ માર્મિક છે. આ પ્રતિપ્રશ્ન ધાર્મિકોની ભાવ-ભાવનાઓને સ્પર્શનારો છે. પરંતુ પ્રશ્નનો જવાબ શોધવા મૂળ વિષય ઉપર ગંભીરતાથી ઉંડાણમાં વિચારણા થાય એ આજે અત્યાવશ્યક થઈ પડ્યું છે.

જૈન ધર્મની નિર્મિતી કેવી રીતે થઈ? શા માટે થઈ? કોણે કરી? આ પ્રશ્નોના જવાબો જૈન ધર્મના અભ્યાસકોના શોધ ગ્રંથોમાં શબ્દબદ્ધ થયેલા છે. પ્રથમ તિર્થંકર શ્રી આદિનાથ (ઋષભદેવ) સુસ્પષ્ટ રીતે વૈજ્ઞાનિક નિષ્કર્ષ ઉપર આવેલા કે માનવથી ઉપરની કક્ષાએ કોઈ નથી અને જે કાંઈ ઉત્ક્રાંતી થવાની છે તે માનવમાંજ અને તેની ચેતનામાંજ થશે. તેઓ એવા નિષ્કર્ષ ઉપર આવેલા કે જો (જગત કર્તા અને ભર્તા) ભગવાનની હસ્તી હોય તો આ દુનિયામાં કોઈ અર્થ રહેતો નથી. તિર્થંકર શ્રી ઋષભદેવે પરમાત્મા વિનાનો ધર્મ પ્રબોધિને ધર્મમાં એક ઉંચી છલાંગ લગાડી હતી. જેથી ભગવાનને વિદાય આપી દેવામાં આવી હતી. જો તમે ભગવાનને વિદાય આપો તો કર્મકાંડ પુજા પ્રાર્થના વિગેરે રખાયજ નહી. જો તમે દુઃખી હો, તણાવપૂર્ણ છો તો એવી સ્થિતી માટે જવાબદાર તમે છો. તમારી પીડાઓ માટે તમેપોતેજ કારણભૂત છો. તમારી વ્યથાપૂર્ણ અવસ્થામાં તમે એકલા છો. ભગવાન નથી એટલે તેની પાસે તમે કોઈ કર્મકાંડ પણ પુછી શકો નહીં.

જૈન ધર્મ આ મુલતઃ માનવ માટે શુદ્ધ જીવન જીવવા માટેનું સામાજિક વ્યવહાર નિતીશાસ્ત્ર છે. તે માટે જે આચરસંહિતા રચવામાં આવી તેની શરૂઆત પ્રથમ તિર્થંકર શ્રી ઋષભદેવથી થઈ હતી. શ્રી ઋષભદેવે અહિંસા અને અપરિગ્રહ આ બે મુખ્ય તત્ત્વો માનવના આચરણ માટે પ્રબોધ્યા અને તે વ્રતોનો ઠેકઠેકાણે પ્રવચનો આપીને પ્રચાર કર્યો હતો. બાવીસમા તિર્થંકર શ્રી નેમિનાથે પણ અહિંસા અને અપરિગ્રહ આ વ્રતોનો જ પગપાળે ભ્રમણ કરી પ્રચાર કર્યો. ત્રેવીસમા તિર્થંકર શ્રી પાર્શ્વનાથના કાર્યકાલમાં સત્યવચન, અને અચૌર્ય આ વધારાના બે વ્રતો જોડવામાં આવ્યા. છેલ્લા ચોવીસમા તિર્થંકર મહાવીર સ્વામીના કાર્યકાલમાં બ્રહ્મચર્યનો વ્રત જોડવામાં આવ્યો. શ્રી મહાવીર સ્વામીએ 'અનેકાન્તવાદ' આ એક મહત્ત્વનો સિદ્ધાંત પણ પ્રબોધ્યો.

અહિંસા, અપરિગ્રહ, સત્યવચન, અચૌર્ય અને બ્રહ્મચર્ય આ પાંચ અણુવ્રતો જૈન ધર્મના મુલગત સિદ્ધાંતો નિશ્ચિત થયા આ પાંચે મહા અણુવ્રતો જૈનધર્મિઓ માટે અનુલંઘનીય છે. શ્રી સામન્તભદ્રનો ગ્રંથ રત્નાકર દંડક શ્રાવકાચાર અનુસાર જૈન શ્રાવકો માટે હજુ બીજા સાત વ્રતો ઉપરોક્ત પાંચ મહાવ્રતો સાથે જોડવામાં આવ્યા. આ વ્રતો છે દિગ(દિશા) વ્રત, ભોગોપભોગ પરિમાણ વ્રત, અનર્થ દંડ વ્રત, સામાયિક, દેસાવગાસિક વ્રત, પૌષધોપાવસવ્રત, અતિથી સમ્‌વિભાગ (દાન) વ્રત, આ કુલ મળીને બાર વ્રતોનું ચોક્સાઈપૂર્વક અને કઠોરતાથી પાલન કરવું જૈન મુનિઓ સાધુ સાધ્વીઓ માટે બંધનકારક છે. આ વ્રતોમાં નિયમિત રૂપે મુર્તિપૂજા કરવા માટેનો કોઈ નિયમ કે વ્રત શામેલ કરવામાં આવેલ નથી. મુનિઓ, સાધુ સાધ્વીઓ એટલે જ મંદીરમાં મુર્તિપૂજા કરતા નથી. મૂર્તિપૂજા આ કોઈ નિયમ કે સિદ્ધાંત નથી.

જૈન ધર્મના સિદ્ધાંતોનો સંપુર્ણ ભાર અંતરાત્માની ઘડતરને શુદ્ધતા તરફ પલટાવવા મુકાયેલો છે. અંતરાત્માના શુદ્ધી સાથે અધ્યાત્મનો સંબંધ આવે છે. જન્મથી રાજપુત્ર શ્રી ઋષભદેવે પોતાના રાજ્યમાં પ્રજાને સુખી કરવા એમની જીવન પદ્ધતિમાં બદલ લાવવા, એમનું જીવનસ્તર ઉંચું લાવવા ઘણા સુધારા વધારા દાખલ કર્યા. છતાં તેઓ પોતે મનથી અસ્વસ્થ રહ્યા. તેથી તેઓ અંતરમુખ થઈને અધ્યાત્મિકતા તરફ વળ્યા. અધ્યાત્મની ઉપાસનાનું સ્વરૂપ બાહ્યરંગી હોય છે. અંગ્રેજી

ભાષામાં ધાર્મિકને રિલીજિઅસ કહેવાય અને અધ્યાત્મિક ને સ્પિરીચ્યુઅલ કહેવાય. ધાર્મિક અને અધ્યાત્મિક આ સંજ્ઞાઓ સંકલ્પનાઓના અર્થમાં રહેલા તફાવતનો વિવેકબુદ્ધીથી વેધ લીધા વગર તેમનો બેભાનપણે વાપર કરી આપણે ગુંચવણો નિર્માણ કરીએ છીએ. એના લીધે ધાર્મિક કોને સંબોધિએ અધ્યાત્મિક કોને સંબીધિએ આ બાબતમાં પણ આપણે તારતમ્ય જાળવી શકતા નથી.

આપણી પાકી સમજ થયેલી હોય છે કે જે કોઈ દેવધર્મ હોય, અને જે ધાર્મિક હોય તે અધ્યાત્મિક તો હોયજ એમાં આપણને કોઈ શંકા ન હોય. દેવધર્મ શબ્દ યોજનામાં ઘરમાં પુજાપાઠ, મંદીરમાં જઈને દેવદર્શન અને કપાળે તિલક, દાનધર્મ, તપસ્યા, વ્રતો વિગેરે જેવી બાબતોનું નિત્ય અથવા પ્રસંગોચિત આચરણનો સમાવેશ થાય છે. ઓછામાં ઓછું કાંઈ નહીં તો રોજ સવારના દેવદર્શન, મંદીરમાં જાવું આ પણ એક ધાર્મિક કૃત્ય મનાય છે. માટે જ મંદીર જેવી સંસ્થાને આપણા ધાર્મિક, આધ્યાત્મિક સાંસ્કૃતિક ભાવજીવનમાં એક અસામાન્ય એવું વેગળું સ્થાન છે. એટલે જ મંદીરમાં જવું જો ધર્મકૃત્ય છે તો પછી દેવોના મંદીરો બાંધવા પ્રાણપ્રતિષ્ઠાઓ કરવી, મંદીરોનો જિર્ણોદ્ધાર કરવો, ધ્વજાઓ ચઢાવવી આ બધી બાબતો ધર્મકૃત્યો સમજી લેવાની આપણી પરંપરા બની રહે છે. જ્યારે પ્રથમ તિર્થંકર આદિનાથે ભગવાનોને પડતા મુક્યા હતા ત્યારે આજે મંદીરોમાં તિર્થંકરોની મુર્તિઓને ભગવાનો તરીકે સ્થાપિત કરીને શ્રાવકો પુજા કરે આ એક વિરોધાભાસની સ્થિતિ લાગે છે.

આજે મંદીરોના નિર્માણ માટે દેખાતી અહમ અહમિકા આપણે અનુભવીએ છીએ. પરંતુ મંદીર અને ભગવાન આ બન્ને કલ્પનાઓથી જેમનો જૈવિક સંબંધ છે તેવા પ્રેમભાવ, કરૂણા, સમતા, સત્વશીલતા, વિવેક, જ્ઞાનને નીતીમત્તા વિગેરે જેવા મૂળભૂત માનવી ગુણોનો અભાવ આજે આપણને વધતી માત્રામાં સમગ્ર સમાજમાં શા કારણથી અનુભવવામાં આવે છે.? આ પ્રશ્ન ઊભો થાય છે. આજે તો વિપરીત ચિત્ર જોવામાં આવી રહ્યું છે. નવા મંદીરો નિર્માણ કરવાની વધતી જતી પ્રવૃત્તિ અને સાથે જ મંદીર ત્યાં દ્રવ્ય વ્યવસ્થાપન અને સત્તા, સત્તા ત્યાં સ્પર્ધા, સ્પર્ધા ત્યાં ચૂંટણીઓ અને ચૂંટણીઓ ત્યાં સંઘર્ષ દેખાઈ આવે છે. આ વિરોધાભાસની સંગતી કેવી રીતે જોડવી?

તિર્થંકરોના ચરિત્રો જો આપણે અભ્યાસિએ તો જાણવા મળશે કે રાજવૈભવી સુખો ઉપભોગતા ઉચ્ચ કુળના કુટુંબોમાં તેઓએ જન્મ લીધેલ છે. તેમના પોતાના સંસાર ત્યાગ પૂર્વેના જીવનકાલમાં તેઓએ નીજી દુઃખો પીડાઓ અનુભવ્યા ન હતા. તેઓના ક્ષેત્રના આસપાસના સમાજમાં માનવીઓએ જે દુઃખો પીડાઓ અનુભવ્યા હતા તે જોઈને જ તિર્થંકરો વ્યથિત થયા હતા અને તેમની અંતરાત્મા કરૂણાભાવથી પ્રભાવિત થઈ હતી. અને તેઓએ માનવી જીવનનો સાર જાણવા પોતાના વૈભવી જીવનનો ત્યાગ કર્યો. વિતરાગી થઈને તપસ્યાઓ કરી અંતરજ્ઞાની થયા હતા. માનવ જીવનચક્રની પાછળ રહેલા રહસ્યમય પરિબળોની શોધ લીધો અને માનવ માટે શુદ્ધ જીવન જીવવા પદ્ધતિઓના સિદ્ધાંતોની માંડણી કરી. કર્મના સિદ્ધાંતોને આધારે જોઈએ તો રાજવૈભવી કુટુંબોમાં જન્મ લીધો એટલે જ તિર્થંકરોના પૂર્વકર્મો અતિ ઉચ્ચ અને શ્રેષ્ઠ દર્જાના હોવા જોઈએ. પુણ્યકર્મો મેળવવા તિર્થંકરોએ કોઈ મંદીરોની નિર્મિતી કરી હોય કે કોઈ કર્મકાંડો કર્યા હોય એવો કોઈ પણ ગ્રંથોમાં ઉલ્લેખ મળતો નથી. શ્રી મહાવીરસ્વામી યજ્ઞો જેવા કર્મકાંડો કરવાના વિરોધી હતા.

તિર્થંકરોએ જે ત્યાગમય જીવન સ્વિકારીને તપસ્યાઓ કરી તે બીજાઓની વ્યથાઓથી કરૂણા અનુભવીને કરી. ગહન તપસ્યાઓ કરીને જ થઈને મોક્ષત્વ પામ્યા. શ્રી મહાવીર સ્વામીએ પાવાપૂરી ગામના ઉદ્યાનમાં સરોવરના મધ્યભાગે પાષાણ ઉપર બેસીને મોક્ષસિદ્ધી પામી. મહાવીર સ્વામીએ સ્પષ્ટ કહ્યું હતું કે કોઈ કેશલોચ કરે, કપડા ઉતારીને વૃક્ષની છાલો પહેરીને જંગલમાં રહેવા જાય તેથી એ સાધુમુની નથી બની જતો. તેવી જ રીતે ક્રિયા કર્મકાંડો કરી કોઈ પુણ્યકર્મો અર્જિત નથી થઈ શકતા. તિર્થંકરો આ જૈન ધર્મીઓ માટે આદર્શ પુરૂષો છે. કોઈના દુષ્કર્મોને નષ્ટ કરવાની એમની પાસે કોઈ શક્તિ નથી. તે માટે કોઈ એમની પાસે યાચના પણ ન કરી શકે. આજે આપણે ભુલી ગયા છીએ કે ધર્મની આરાધનામાં લાચારીને કોઈ સ્થાન નથી. ક્રિયા-કર્મકાંડો લાચારીનું ઉત્કટ પ્રદર્શન છે.

મહાવીરસ્વામીના નિર્વાણ પછી જે સંસ્થાઓનું સર્જન થયું અને મંદીરોની નિર્મિતી થઈ તેમાં તિર્થંકરોની પ્રતિમાઓની આસપાસ ક્રિયાકર્મકાંડો ઊભા થયા અને લોકો પોતાની પીડાઓ, વ્યથા નિવારવા તિર્થંકરોના મુર્તિઓની પુજા અર્ચના કરવા લાગ્યા. પુજાપાઠો કરવા માટે મહાવરાઓ નક્કી થયા. આચરણ અને વ્યવહાર પદ્ધતિઓ નિર્ધારીત થઈ. આજે આપણે હજારો વર્ષોથી ધર્મ ના નામે ક્રિયા કર્મકાંડોના ગુલામ થઈને ધનનો વ્યય કરી રહ્યા છીએ.

જૈન ધર્મના સિદ્ધાંતોનું વ્રતોનું પાલન કરવા મંદિરનું હોવું જરૂરી નથી. મંદિર હોય તો જ વ્રતોનું પાલન કરીને ધર્મની આરાધના થઈ શકે એ આપણી ભૂલભરેલી સમજ થઈ ગયેલી છે.

ધર્મથી તૈયાર થયેલો સમાજ આજે માત્ર ધર્મનું સાચું આચરણ કરતો હોય એવું દેખાતું નથી. ભૌતિક પ્રગતિના પ્રભાવોથી સમાજ ઉપરની સાચા ધર્મસંસ્કારોની પકડ હવે મહદઅંશે ઢીલી થતી જતી હોય એવું જોવામાં આવી રહ્યું છે.

આપણી માન્યતા છે કે દેવદ્રવ્ય ખુબજ પવિત્ર દ્રવ્ય છે. પર્યુષણ પર્વમાં ચૌદ સ્વપ્નાઓની ઉછામણીઓ કરીને એમાં અભિવૃદ્ધિ થાય છે. જિનાલયોનો જિર્ણોદ્ધાર, નૂતન જિનાલયોનું નિર્માણ અને જિનાલયોની રક્ષા વિ. માટે ઉપયોગમાં લઈને આ દ્રવ્યનો સદ્વ્યય થાય છે.

આ દ્રવ્યને પૂર્ણરૂપે કે એના અમુક ભાગરૂપે સાધારણ દ્રવ્ય કરી શકાય નહી. સુવિદીત પુર્વાચાર્યોએ પ્રવર્તાવેલી અને સંઘોએ માન્ય કરેલી આ વ્યવસ્થા છે. દેવદ્રવ્યના ગેરવહીવટથી અશુભ કર્મોનું ઉપાર્જન થાય છે. અર્થ એ થાય છે કે સમાજના આર્થિક રીતે દુર્બલ ઘટકોની આર્થિક સમસ્યાઓના નિરાકારણ માટે આ દ્રવ્ય નિરૂપયોગી છે.

શ્રાવકોના વિવિધ કર્મોથી લિંપાઈને અર્જિત થયેલું ધન સ્વપ્નાઓની ઉછામણી માર્ગે દેવદ્રવ્યમાં રૂપાંતરિત થઈને પવિત્ર થાય આ તર્ક સમજમાં આવે એવું નથી. દેવદ્રવ્યના સમાજહિત માટેના ઉપયોગ ઉપર પ્રતિબંધ નાખનારો આ નિયમ સમાજને અસ્પૃશ્ય જાણીને અપાત્ર ઠરાવનારો છે, એમ કહી શકાય. આજે સમાજના આર્થિક રીતે દુર્બલ ઘટકો જીવલેણ મોંઘવારીની ભયાવહ સ્થિતીનો સામનો કરી રહ્યા છે ત્યારે આપણા ધાર્મિક સ્થળોમાં લાખો કરોડો રૂપિયાની સંપત્તિ દેવદ્રવ્યના સ્વરૂપે નિદ્રિસ્થ અવસ્થામાં પડી રહેલી દેખાય છે. મંદીરોના ખજાનાઓમાં દેવદ્રવ્યના નામથી અનમોલ એવું ધન દબાવી રાખવું અને એમાં વૃદ્ધિ કરતા રહેવું આ કૃત્યો ધર્મ અને સમાજ પ્રત્યેનો શુદ્ધ દ્રોહ ગણાવી શકાય.

દેવદ્રવ્યમાં વૃદ્ધી થાય એ માટે પર્યુષણ પર્વનું આયોજન થાય છે. આ મહોત્સવને વાર્ષિક મેળાવડાનું ધાંધલીયું સ્વરૂપ પ્રાપ્ત થાય છે. મહોત્સવમાં તપસ્યાઓના મુલ્યો આલેખવામાં આવે છે. વિવિધ તપોથી મળતા કલ્પિત ફળોના પ્રલોભનો આપીને શ્રાવકોને તપસ્યાઓ કરવા આકર્ષવામાં આવે છે. પુરસ્કારોની ઘોષણાઓ થાય છે. (જ્યારે શ્રી કૃષ્ણ જેઓશ્રી નમિનાથ સ્વામીના બંધુ હતા અને નેમિનાથે પ્રબોધેલા ધર્મસિદ્ધાંતોનું આદર કરતા તેઓ પણ "કર્મણ્યે વા ધિકારેસ્તુ મા ફલેષુ કદાચન" તમારો અધિકાર કર્મ ઉપર છે તેના ફળો ઉપર નથી. આ સિદ્ધાંત ગીતામાં ઉચ્ચાર્યું છે).

પર્યુષણ પર્વના દરેક પ્રસંગોથી ઉદ્‌ભવતા કથિત પુણ્યકર્મોના લાભો જાહેરમાં બોલીઓથી લાભાર્થીઓ અપાય છે. પુણ્યકર્મોના લાભ મેળવવા જાણે સ્પર્ધાઓનું આયોજન થતું હોય છે. ધનના માધ્યમથી જ આજે પુણ્યકર્મોના લાભો નિશ્ચિત થાય છે.

નિર્ધન ભાવિકો તો પુણ્યકર્મોથી ઉદ્‌ભવતા લાભોના માત્ર સ્વપ્નાઓ જ જોતા રહે છે. પર્યુષણ પર્વના કાલાવધીમાં ઘણાં કર્મકાંડો યોજવામાં આવે છે. આપણે ભુલી જઈએ છીએ કે આચાર્ય ગુરૂ ભગવંતો એ શ્રાવકો માટે જે નવ પુણ્યકર્મો-અનુનપુણ્ય, પાનપુણ્ય, પાત્રપુણ્ય, સ્થાનપુણ્ય, વસ્ત્રપુણ્ય, માનપુણ્ય, વચનપુણ્ય, કાયાપુણ્ય અને નમસ્કાર પુણ્ય-સુચવ્યા છે તેમાં કર્મકાંડને કોઈ સ્થાન નથી.

દેવદ્રવ્યની નિર્મિતી અને સંચય આ જિનાજ્ઞાનું પરિણામ હોઈ જ ન શકે. જે તિર્થંકરો બધું ત્યાગી વિતરાગી બન્યા તેજ તિર્થંકરોના મુર્તિઓ ઉપર આપણે ધન ચઢાવીને જાણે તેમના મહાન ત્યાગની અવહેલના કરીએ છીએ. દેવધર્મ માટે કરેલું દાન પણ આજે ધર્મકાર્ય ગણાતું નથી. મૂર્તિપૂજા કરવી એ બધા જ જૈનધર્મીઓ માટે બંધનકારક કે ફરજિયાત નથી. એ દાન સામાજિક દાયિત્વની વ્યાખ્યાને અનુરૂપ ન હોવાથી સરકારે પણ આવા દાનને માન્ય રાખતી નથી. દેવદ્રવ્યમાં ફાળો આપીને કોઈ પુણ્યકર્મ અર્જિત થાય છે આ એક દિશાભુલ કરનારી માન્યતા છે.

સમાજને આજે સાચી ગરજ છે-પારંપારિક સંસ્કૃતિના અપરિવર્તનીય ભ્રમોથી દૂર થવાની. માટેજ આપણે જે નથી તે ક્રિયાકર્મકાંડો કરીને બતાડવાની દાંભિકતા આપણે પ્રથમ છોડીએ. સ્વમગ્નતાની સ્થિતિમાંથી જાગૃત થઈએ. અંતરમુખ થઈને વિચારીએ અને તિર્થંકરોએ પ્રબોધેલા મૂળ ધર્મસિદ્ધાંતો બાર વ્રતો આપણે પ્રત્યક્ષમાં અપનાવીને કાર્યરૂપમાં ઉતારીએ અને તે વ્રતોનું પ્રામાણિકતાથી પાલન કરીએ. તોજ આપણે સાચા અર્થમાં ધર્મની આધારે જીવીશું. અને જૈન કહેવાડાવશું. આ માટે આજે અગત્યની જરૂર છે તે પ્રચલિત પ્રણાલિકાઓ અને પદ્ધતિઓમાં ઘરમુળથી પરિવર્તન લાવવાની અને તે માટે આગ્રહ રાખતા પ્રખર હિમાયતીઓની.


**કચ્છની બાંધણીઓ માટે**

**ઉષા કુલિન લોડાયા - કોઠારાવાલા**
**મો : 98330 37339**
**C-46, અનંતસિદ્ધિ, ભાંડૂપ (વેસ્ટ)**

**કાંજુરમાર્ગ ફ્લેટ વેચવો છે**

**શ્રી અનંતનાથ કોમ્પ્લેક્સ**
**કાંજૂરમાર્ગમાં ફ્લેટ વેચવો છે.**
**સંપર્ક : 09987 215194**

## સંઘવત્સલા પુ.સા.શ્રી ગુણમાલાશ્રીજી મ.સા.ની જીવનઝરમર

રત્નકુક્ષી માતુશ્રી સોનબાઈ મેઘજી ખીમજી ગોશર (બાયઠ)ના ગૃહે ગુણવંતીબેનનો જન્મ કારતક વદ ૧૧ને સં. ૧૯૯૦ થયો. વ્યવહારીક શિક્ષણ લઈ સાંયરાના શ્રી જેઠાભાઈ ખીમજી લાપસીયા સાથે લગ્નબંધને બધાયા. ચિ. દિકરી હેમલતાનો જન્મ થયો. દિકરી સવા વરસની થતાં જ ગુણવંતીબેન ૨૧ વરસની વયે વિધવા થયા. અનેકાનેક આફતોનો જોમ અને જિગરથી સામનો કરી દિકરી હેમલતાને શિક્ષિત અને ધાર્મિક શિક્ષણે દિક્ષિત કરી. પરિણામલક્ષી પુરૂષાર્થે ધાર્યા લક્ષને સિદ્ધ કરવા અચલગચ્છાધિપતીશ્રીના આજ્ઞાનુવર્તીની પૂ.સા.શ્રી ગુલાબશ્રીજી મ.સા. ના સાંઘાડાના પ્રભાવક પૂ.સા.શ્રી ધૈર્યપ્રભાશ્રીજી મ.સા.ના શિષ્યા થઈ, શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનશ્રી મુંબઈના પ્રમુખ શ્રી પુનશી દામજી ખોનાની આગેવાનીએ ગોશર પરિવારે સંવત ૨૦૩૭ના વૈશાખ વદ છઠ્ઠના ૨૪.૫.૮૧ના ભાંડૂપમાં પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરી મ.સા.ના હાથે પ્રચંડ વૈરાગ્યે દિકરી હેમલતાબહેન સાથે મહાભિનીષ્ક્રમણે પગરણ કર્યા.

જન્મથીજ ધાર્મિક સંસ્કારે સીંચેલા પરોપકારી સા. પ્રભાશ્રીજી મ.સા.ની પ્રેરણાએ દાદાશ્રી કલ્યાણસાગર સૂરીશ્વરજી જૈન પાઠશાળા ભાંડૂપની સ્વગૃહે-અલ્પપગારે વરસોપર્યંત શિક્ષિકા રહ્યા. સેંકડો વિદ્યાર્થીઓને પાયાના શિક્ષણે સજ્જ ધજ્જ કર્યા. શિક્ષિકા પદને વફાદાર રહી. સોળ-સોળ શિષ્યોને સંયમ માર્ગે પ્રયાણ કરવા. પ્રેરક, પૂરક અને પ્રોત્સાહિત કરવા ભાગ્યશાળી થયા. જેમાંના મુનિશ્રી વિનયરત્નસાગરજી મ.સા, મુનિશ્રી હરિભદ્રસાગરજી મ.સા, સા. યશોધર્યાશ્રીજી મ.સા., પૂ.સા.શ્રી. મૌનગુણાશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા., પૂ.સા.શ્રી. વિચલકિરણાશ્રીજી મ.સા., પૂ.સા.શ્રી. દિવ્યપૂર્ણાશ્રીજી મ.સા. પૂ.સા.શ્રી. રક્ષગુણાશ્રીજી મ.સા. પૂ.સા.શ્રી. પુણ્યહર્ષલતાશ્રીજી મ.સા. તે તે ક્ષેત્રના પ્રભાવક સંયમીઓ છે.

**દર્શનાચારે** સિદ્ધાચલ તીર્થની ૬૫ યાત્રા સહ રાજસ્થાન, કચ્છ, ગુજરાત, મધ્યપ્રદેશ, બિહાર આદી તીર્થોને જુહાર્યા તેમજ બાળકોને પણ યાત્રા કરાવી. ભ્રમણ કરીને વિચર્યા.

**ચારિત્રાચારે :** ૧૬ આત્માઓને સંયમી બનાવ્યા.

**વીર્યાચારે :** હર ક્રિયાઓ ભીંતના ટેકા વગર અપ્રમત ભાવે સાવધાનીએ જાગ્રત રહીને કરી. તેઓશ્રીના શિષ્યા પ્રશિષ્યાસા શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા. અને શ્રી જિનકૃપાશ્રીજી. મ.સા. છે.

**પાઠશાળા :** ડોંબીવલી, મુલુંડ (ઈસ્ટ), મોબાઈલ શાળા, અંબરનાથ, કાંજુરમાર્ગ, એમ અનેક સ્થાને પાઠશાળાઓમાં પ્રાણ પૂર્યા.

**જીર્ણોદ્ધારે :** બાયઠ ઉપાશ્રય, માંડલ ઉપાશ્રયના પ્રણેતા રહી શાસન પ્રભાવનાઓ કરી. ૭૯ વરસના આયખાના જીવન કિતાબનું પાનું કમલ પુષ્પ જેમ નિર્લેપ રાખ્યું જેથી વંદનીય રહ્યા સંયમ જીવનના રજત વરસે જૈન ધાર્મિક શિક્ષણ સંઘ તેમજ આર્યરક્ષિત તત્વજ્ઞાન વિદ્યાપીઠના શિક્ષકોનું ઉચિત ગૌરવ કરી. આદેશ્વરજી જિનાલય ભાંડુપમાં પતી શ્રી જેઠાભાઈ ખીમજી ગોસરના નામે સં. ૨૦૦૭માં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની પ્રાણ પ્રતિષ્ઠા કરાવી. સંયમ જીવને સિદ્ધિતપ, ૨ વર્ષીતપ, ૨ અઠ્ઠાઈ, નવપદ ૧૫ વરસથી બ્યાસણા, ૧૦ બાંધા પારાની નવકારવાળી, એમ અનેક ધાર્મિક ક્રિયાએ ક્રિયાશીલ રહ્યા. ભાંડૂપ જ કર્મભૂમી, ધર્મભૂમી અને અંતિમ સમાધીભૂમી રહી. જીવનભર આર્ય સંસ્કૃતિનો શંખના ફૂંકી ભાવિકોના ઉત્થાન સંસ્કરણ અને સંવર્ધનની પ્રક્રિયામાં પ્રાણ પૂર્યા. આઠ શીતલપ્રભા શિબિરોમાં સેંકડો દિકરીઓને ધર્મે સુદ્રઢ કરી. જેમાંથી સંખ્યાબંધ દિકરીઓ અલગ અલગ સ્થાને સામાયિક, પ્રતિક્રમણ. સંચાલન વગેરે કરતાં અગ્રેસર રહી છે. ટાણે ટાણે ટકોર કરી ચાતુરીપૂર્વક સૌને ટકોર કરતા.

દ્રઢ મનોબળ, પરિણામલક્ષી પુરૂષાર્થ મક્કમ નિર્ધાર તીવ્ર સ્મરણશક્તિ. સ્પષ્ટ વક્તા, દયા, કરૂણા અને આગવી સુઝ-બુઝ અને સમજ ગુણે અલંકૃત રહી. "ગુણમાલા" નામની સાર્થકતા સર્જી. દિકરી સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. ને પ્રખર વક્તા અને સુદાચારે દ્રઢ બનાવી. ગુડી પડવાએ ગુડ-બાય કરી સમાધિ મરણને વરી કાળધર્મ પામ્યા.

દાદા આદેશ્વર તેઓશ્રીના આત્માને શીઘ્રાતિશીઘ્ર પંચમગતીમાં સ્થાન અર્પે એ પ્રાર્થના

**- લહેરચંદ વેલજી મૈશેરી** (ભાંડુપ)


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

અગ્રણી જૈન દાનવીર શ્રી દીપચંદભાઈ ગાર્ડીને જન્મ શતાબ્દી વર્ષમાં પ્રવેશ બદલ હાર્દિક અભિનંદન...
- "તન-મન" પરિવાર

SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

## UNDERSTANDING DOCTOR'S ADVICE - **Dharmendra Nagda** (Matunga)

When we visit our Doctor for relief from pain and sickness he/she gives certain medical advice such as Diet Restrictions and Prescription for Medicines and may refer us for Pathology tests, Radiology tests or Consultation by Specialist Doctors and Surgeons.

Quite often we are unable to understand the reasons for Diet Restriction and the Dosage Schedule for Medication. This writer attempts to unravel the mystery of these two patient friendly and scientifically correct measures. While science advises us to EAT TO LIVE, some of us LIVE TO EAT! The Doctor recognizes the need to counsel the patient for proper eating habits coupled with a healthy life style. With this in mind the Doctor orders us to:

1) Take a light, low calorie, less spicy, diet. This enables us to easily digest the food intake and at the same time have lesser acids in our system. The low calorie diet helps us to maintain various vital parameters in place and avoid weight gain. A healthy human body tends to maintain its alkaline nature. Whenever the body acid levels go up the human body tends to invite ill health !

2) Take small paced out meals/snacks/fruits rather than two huge meals which we are so accustomed to! This enables us to easily digest the intake and reduce the load on our insulin secreting mechanism. This regimen also helps to maintain our body weight and prevent any undue load on our Heart.

3) i. Take a balanced diet consisting or Carbohydrates, Proteins and Fats along with micronutrients, adequate intake of water, fruits and vegetables and avoid junk foods.

   ii. Have Adequate Sleep and Exercise to maintain good health.

   iii. Avoid any undue Mental Stress and Physical Strain both of which are known to release harmful chemicals in our system.

   iv. Have a positive attitude towards life as this helps us to avoid the ill effects of negativism.

4) Take certain medications as below :

   O.D. i.e. Once a day = Once in 24 Hours

   B.D. i.e. Twice a day = Once every 12 Hours

   T.D. i.e. Thrice a day = Once every 8 Hours

   Q.D. i.e. Four time a day = Once every 6 Hours

   It is very important to maintain the proper time gap because every medicine has a limited time period effect. When we do not maintain the time bound dosage schedule it is as good as taking no medicine at all! In the case of Antibiotics it is imperative that we maintain the dosage schedule or else we may be encouraging the proliferation of Drug Resistant Organisms !

   In Medical parlance it is said that all Antibiotics/Antibacterials have Zero effect whenever the blood levels fall below the Minimum Inhibitory Concentration Level (M.I.C. Levels) or Minimum Cidal Concentration Levels (M.C.C. Levels) i.e. effective concentrations. Hence the import of patient's compliance with medical advice. Some medicines are to be taken on an empty stomach and some have to be taken after meals. Similarly some drugs are to be taken early morning and some at bed time. There are good reasons for this advice which should be faithfully adhered to. A good Doctor prescribes medicines in the right dosage and good patient religiously follows the doctor's orders!

5) Due care must be taken to check the expiry dates on the medicines that we consume and also to properly store our medications in a cool and dry place. This will help to avoid any undersirable effects and deterioration of the drugs.

**Summary :** A disciplined patient can avail good health just like a faithful describe who sincerely follows his master's advice.

# સગપણ સેતુ

સગપણ સમસ્યા હળવી કરવા આપના સંતાનની માહિતી નીચે દર્શાવેલ ફોર્મ મુજબ જ ૨૦ કોલમ ભરી મોકલો. પ્ર.સ. દ્વારા ચાલતો આ નિઃશુલ્ક વિભાગ યોગ્ય પાત્રની વિશાળ પસંદગી માટે સુલભ માધ્યમ છે. એવું નથી કે, સગપણ ન થતા હોય એટલે એમાં ભાગ લેવું. પણ તમારા સંતાનનો જ્ઞાતિ સમક્ષ પુરો પરિચય થાય અને આપને પસંદગીની એક સારી તક મળે એ દૃષ્ટિએ એમા વિનાસંકોચે ભાગ લો. પ્રકાશિત થયેલ ઉમેદવારના પરિચય ઉપરથી **પસંદગીનો ક્રમાંક** લખી જણાવી અમને આપના સંતાનનો બાયોડેટા મોકલો. એ વિગત આપના પસંદગીના ઉમેદવારના પરિવારને જણાવીશું. પત્રવ્યવહાર માટે જરૂરી પોસ્ટેજ કવર સાથે મોકલવા વિનંતી છે. **સીધે સીધી માહિતી કોઈને અપાતી નથી.** આપ ઈચ્છો તો આપના સંતાનની માહિતી નીચે દર્શાવેલ ફોર્મ મુજબ જ ૨૦ કોલમ ભરી મોકલો અને સગપણ સેતુમાં ભાગ લો.

| ક્ર. | માહિતી પત્રક | ૪૯૮ | ૪૯૯ | ૫૦૦ | ૫૦૧ | ૫૦૨ | ૫૦૩ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સ્ત્રી કે પુરૂષ | પુરૂષ | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | સ્ત્રી |
| ૨ | નુખ/અટક/ઓળખ | દંડ | નાગડા | ધરમશી | દંડ | લોડાયા | મોમાયા |
| ૩ | વતન કચ્છ કે હાલાર | કચ્છ | કચ્છ | હાલાર | કચ્છ | કચ્છ | કચ્છ |
| ૪ | જન્મ તારીખ | ૨૯.૯.૮૩ | ૨૬.૧૨.૮૪ | ૨૬.૫.૮૪ | ૨૯.૯.૮૮ | ૨૭.૪.૮૭ | ૯.૭.૮૮ |
| ૫ | વય (વર્ષ) | ૩૦ | ૨૭ | ૨૮ | | ૨૭ | ૨૪ |
| ૬ | ઉંચાઈ (સે.મી.) | ૫'-૧૦" | ૫'-૭" | ૫'-૭" | ૫'-૭" | ૫'-૨" | ૫'-૫" |
| ૭ | વજન (કી.ગ્રા.) | ૬૦ | ૬૦ | ૫૦ | ૫૦ | ૭૩ | ૬૪ |
| ૮ | વર્ણ | ગોરો | ઘઉંવણ૭ | ગોરો | ઘઉંવર્ણ | ગોરો | ગોરો |
| ૯ | શિક્ષણ/અભ્યાસ | M.Com.M.Phil C.S. (Exe.) | S.S.C. | H.S.C. | B.Com. | B.Com., MBA | B.Com. |
| ૧૦ | નોકરી/ધંધો | નોકરી/અભ્યાસ | ધંધો | નોકરી | ધંધો | બેંક નોકરી | - |
| ૧૧ | હાલ ગામ | ઈંદોર | ગુજરાત | મુંબઈ | મહારાષ્ટ્ર | મુંબઈ | હૈદરાબાદ |
| ૧૨ | ખોડખાંપણ | નથી | નથી | નથી | નથી | નથી | નથી |
| ૧૩ | માસિક આવક (રૂા.) | ૨૦,૦૦૦ | - | ૧૫૦૦ | - | ૨૦૦૦૦ | - |
| ૧૪ | અવર/વિ/છુટાછેડા | અવર | અવર | છુટાછેડા | અવર | અવર | છુટાછેડા |
| ૧૫ | કુંડલીમાં માનો છો? | હા | હા | હા | હા | હા | હા |
| ૧૬ | મંગળ/શનિ છે? | નથી | નથી | મંગળ | ના | મંગળ | ના |
| ૧૭ | ફોટો મળશે? | હા | હા | હા | હા | હા | હા |
| ૧૮ | કુંડલી મળશે? | હા | હા | હા | હા | હા | હા |
| ૧૯ | તમારી પાત્ર અંગે પસંદગી/અપેક્ષા | સંસ્કારી સુંદર,મિલનસાર | સંસ્કારી મિલનસાર | મિલનસાર સંસ્કારી | મિલનસાર સંસ્કારી | મિલનસાર સુશિક્ષિત | મિલનસાર સંસ્કારી |
| ૨૦ | ઉમેદવારની ખાસ વિશેષ માહિતી | સંસ્કારી,સુંદર પરિવારપ્રેમી | સંસ્કારી પરિવારપ્રેમી | મિલનસાર | પરિવાર પ્રેમી મિલનસાર | પરિવારપ્રેમી સંસ્કારી | પરિવારપ્રેમી સંસ્કારી |

આ વિભાગમાં ભાગ લેવા કાર્યાલય માટે નીચેની વિગત ભરી મોકલવી જરૂરી છે. (નીચેની માહિતી અપ્રકટ રહેશે.)

મોકલનાર વાલીનું નામ : ____________ ઉમેદવારનું નામ : ____________

સરનામું : ____________

____________ ફોન : ____________

૭મા અધિકૃત વ.પ. ના કુટુંબ ક્રમાંક : ____________ સહી : ____________

# શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ મોટીખાવડી

## ''જ્ઞાતિજનોને નોંધ લેવા નમ્ર નિવેદન''

પ્રણામ

જ્ઞાતિના દરેક ટ્રષ્ટો, સંસ્થાઓ, મુખપત્રો, સમસ્ત જ્ઞાતિ મહાજન, મંડળો, સંઘો, વસ્તીપત્રક સમીતી તેમજ શ્રી ક.દ.ઓ. જૈન સમગ્ર જ્ઞાતિજનોને નોંધ લેવા નમ્ર નિવેદન કરીએ છીએ.

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ મોટીખાવડીના આગામી પાંચ વર્ષ (૨૦૧૩ થી ૨૦૧૮) માટે નીચે મુજબના સભ્યોની શ્રી સંઘના ટ્રસ્ટબોર્ડમાં સર્વાનુમતે નિમણુક થયેલ છે. શ્રી મોટી ખાવડી જૈન સંઘ બાબત કોઇ પણ જાતનો વાર્તાલાપ અથવા તો પત્ર વ્યવહાર માટે નીચે જણાવેલ ટ્રસ્ટીઓ અને કાર્યાલયોનો સંપર્ક કરવો.

**સ્થાનિક ટ્રસ્ટીઓ :**

૧) શ્રી હર્ષદ કાંતિલાલ લોડાયા (મોટી ખાવડી) - ૦૯૯૯૮૯૭૧૯૫૦
૨) શ્રી પંકજ હીરાચંદ લોડાયા (મોટી ખાવડી) - ૦૯૮૯૮૨૧૪૧૪૧
૩) શ્રી મનોજ ભવાનજી ખોના (જામનગર) - ૦૯૮૨૪૨૨૬૬૫૫

**મુંબઇના ટ્રસ્ટીઓ :**

૧) જીવરાજ ગોવિંદજી લોડાયા (થાણા) - ૦૯૩૨૨૨૬૬૧૦૩
૨) વિજય મોતિલાલ લોડાયા (ઘાટકોપર) - ૦૯૮૨૧૦૨૮૩૫૫
૩) શૈલેન્દ્ર જયંતિલાલ ખોના (મુલુંડ) - ૦૯૩૨૩૧૭૦૪૭૮

**ઇ-મેઇલ :** motikhavdijainsangh@gmail.com

**સ્થાનિક કાર્યાલય :** શ્રી મોટી ખાવડી જૈન દેરાસર,
મુ. પોસ્ટ, મોટી ખાવડી, જીલ્લો - જામનગર, ગુજરાત - ૩૬૧૧૪૦.

**મુંબઇ વિભાગ :** c/o. શ્રી જીવરાજ ગોવિંદજી શાહ, 105, Prestige Precinct, 1st Floor, Almeda Road, Nr. Nitin Casting Ltd., Thane (W), Maharashtra - 400 601. Tel.: 022 - 25393591 / 92

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ મોટીખાવડીના આગામી પાંચ વર્ષ માટે અમારી સર્વાનુમતે નિમણુક કરી જૈન શાસનની સેવા કરવાની જે સુવર્ણ તક આપી છે તે બદલ સર્વે ગામવાસીઓને નત મસ્તકે વંદન કરીએ છીએ.

અમારા ઉપર મુકેલ વિશ્વાસને સાર્થક કરવા મન-વચન અને કાયાથી જૈન શાસનના સેવક બનીને સેવા કરવા અમો પ્રબળ કટીબધ છીએ ... આવોજ વિશ્વાસ અને સહકાર આપ સહુનો મળતો રહેશે એવી અભિલાષા છે. આપ સહુના સહયોગથી અમારા કામ કરવાના હોંશલા બુલંદ બનશે.... તો ચાલો સાથે મળીને એક રસ થઇને શાસનને અને સમાજને મજબુત બનાવવાના ફાઉન્ડેશન ભરીએ... અને આગામી પાંચ વર્ષનો સમય આપણા ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત કરવાના મનોમન સંકલ્પ કરીએ....

શ્રી સંઘના પુણ્યના બળે પ. પૂ. સાધ્વી મહોદયશ્રીજી મ. સા. આદિઠાણાનુ ચાતુર્માસ મળશે તેવી અમોને ઉમ્મીદ છે. આ બાબતમાં અમારા ઉત્તમ પ્રયાસો ચાલુ છે, તેમજ ચાતુર્માસને લગતી પ્રાથમિક તૈયારીઓ પણ ચાલૂ છે. તેથી અમારી મોટીખાવડી વાસીઓ તેમજ બહેનો-દિકરીઓને ચાતુર્માસ કરવા અને જપ-તપ આરાધના કરવા પધારવા ભાવભર્યું આમંત્રણ છે. સંપૂર્ણ આયોજન નક્કી થયે વિસ્તૃતપણે જાણ કરવામાં આવશે.

ચાલો ઊઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મથ્યા રહીએ...

લી. શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ મોટીખાવડી
ટ્રસ્ટીઓ

## આરોગ્ય-પ્રકાશ : 'ડાયાબિટીઝ' : ધ સાયલન્ટ કીલર – ડૉ. વીરચંદ લખમશી નાગડા (મુલુન્ડ)

ડાયાબિટીઝ અને હાઈ બી.પી.ને 'સાયલંટ કિલર' કહે છે. 'ઈન્સ્યુલીન' નામનું હાર્મોન પ્રમાણ કરતાં ઓછું ઉત્પન્ન થાય અથવા ઉત્પન્ન થયેલ ઈન્સ્યુલીનનો યોગ્ય ઉપયોગ શરીર ન કરી શકે ત્યારે આ બિમારી લાગુ પડે છે. તે પેનક્રિયાસ નામની ગ્રંથીમાં ઉત્પન્ન થાય છે અને શરીરમાં સાકરનું પ્રમાણ જાળવી રાખે છે. ડાયાબિટીઝના બે પ્રકાર છે. જુવેનાઈલ એટલે નાનપણથી જ ઈન્સ્યુલીનની તકલીફ, એમને ઈન્સ્યુલીનના ઈન્જેક્શન લેવા પડે. ટાઈપ ટુ ડાયાબિટીઝ ૨૦ વર્ષથી મોટી ઉંમરનાને લાગુ પડે. થોડા વર્ષ પહેલા એ પુખ્ત વયના લોકોમાં દેખાતો પણ હવે બાળકોમાં પણ દેખાય છે.

લોહીમાં સાકર ખાલી પેટે ૭૦ થી ૧૧૦ મી.ગ્રા. વચ્ચે રહેવી જોઈએ અને જમ્યા પછી ૨ કલાકે ૭૦થી ૧૪૦ મી.ગ્રા. રહેવી જોઈએ. એચ.બી.એ. ૧ સી' નામની ટેસ્ટથી ડાયાબિટીઝની વધુ માહિતી મળે છે, જે ૭ ટકા થી નીચે રહેવું જોઈએ. ૨૦ વર્ષથી વધુ ઉંમરના ખાસ કરીને જેમને રીસ્ક ફેક્ટર કે જોરદાર ફેમીલી હિસ્ટરી હોય, તેમણે ખાલી પેટે અને જમ્યા પછી બે કલાકે 'બ્લડ સુગર' ચેક કરાવી લેવા જોઈએ.

વધુ પેશાબ, વધુ તરસ, રાતના ૨-૩ કે વધુ વાર પેશાબ માટે ઉઠવું, વધુ ભુખ, અચાનક વજન, ઓછુ થવું, નજરમાં ઝાંખપ કે ફેરફાર, જખમ જલ્દી ન રૂઝાવો, થાક લાગવો, પેસાબના માર્ગમાં ઈન્ફેકશન, ચામડીનું ઈન્ફેક્શન વગેરે ડાયાબિટીઝના મુખ્ય લક્ષણો છે. આ લક્ષણો ધીરે ધીરે કે અચાનક દેકાવા લાગે. શરૂમાં લક્ષણો જોરદાર નથી હોતા તેથી રોગ શરૂ થયા પછી કોમ્પ્લીકેશન દેખાય તેને થોડા ઘણા વર્ષો નિકળી જાય, આમ પેશન્ટને ડાયાબિટીઝનો ખ્યાલ નથી આવતો એટલે એને 'સાયલન્ટ કીલર' કહે છે.

જુવેનાઈલ ડાયાબિટીઝનું કારણ હજી જાણી શકાયું નથી અને વિજ્ઞાન પ્રમાણે પરિસ્થિતિને પલ્ટાવી શકાતી નથી. ટાઈપ ટુ ડાયાબિટીઝના કારણોમાં બેઠાડુ જીવન, જાડાપણું અને અપૌષ્ટિક ખોરાક મુખ્ય છે. જંક ફુડ ખાવાથી, દિવસની ઉંઘ, ખાસ કરીને જમીને તરત જ ઉંઘવાથી, રાત્રે મોડેથી જમવાથી, પહેલાનું ખાધેલું પચ્યું ન હોય અને તરત જ ખાવાથી-આવી ટેવો પાડવાથી ડાયાબિટીઝ લાગુ પડી શકે. વેસ્ટર્ન ફાસ્ટ ફુડ લેનાર વ્યક્તિનું વજન વધે છે. તેઓ ઓવરવેઈટ થાય છે અને ડાયાબિટીઝની શક્યતા વધી જાય છે. નૌરૂ(ટાપુ) નામના દેશના લોકો વેસ્ટર્ન ફાસ્ટ ફુડ ખુબ ખાય છે તેથી ત્યાંના ૯૫% લોકો ઑવરવેઈટ છે અને ડાયાબિટીઝ, હાઈ બી.પી., હૃદયરોગ જેવી બિમારીઓની રીસ્ક વધી જાય છે. કેમકે વધુ સમય બેસી રહેવાય છે, સાથે અયોગ્ય, અપૌષ્ટિક ખોરાકની ટેવો હોય છે તેથી ડાયાબિટીઝ થઈ શકે. જેટલા વધુ સમય બેસી રહો રીસ્ક વધુ. પેનક્રિયાસની બિમારીઓ-સ્ટોન, કેન્સર, સોજો વગેરેને લીધે આ ગ્રંથી કાઢી નાખવી પડે છે ત્યારે ડાયાબિટીઝ થાય છે. અમુક માનસિક અને દમની દવાઓ વગેરેને લીધે પણ ડાયાબિટીઝ લાગુ પડી શકે. સર્વિસ, બિઝનેસના સ્ટ્રેસથી ડાયાબિટીઝ થઈ શકે. સર્વિસ કરતી સ્ત્રીઓને વર્કસ્ટ્રેસને લીધે ડાયાબિટીઝ થવાની શક્યતા ડબલ હોય છે. સ્ટ્રેસને કારણે તેઓ ચરબી અને સાકરવાળા પદાર્થો તાણ ઘટાડવા લે છે.

સંશોધનમાં માલુમ પડ્યું છે કે ઓછી, અશાંત ઉંઘને લીધે ડાયાબિટીઝ, હાઈ બી.પી., જાડાપણું વગેરે રોગો થાય છે. જે લોકો બ્રાઉન ચોખાને બદલે સફેદ ચોખાના ભાત કે બીજી વાનગીઓ ખાય છે એમને ડાયાબિટીઝ થવાની રીસ્ક ૨૭% વધુ હોય છે. વજન ઓછું કે વધુ હોય પણ પેટનો ઘેરાવો જો વધુ હોય તો મેટાબૉલિક ઈમ્બેલેન્સ થઈ ડાયાબિટીઝનો ધોકો રહે છે. પેટનો ઘેરાવો સ્ત્રીઓમાં ૩૫ ઈંચથી ઓછો અને પુરૂષોમાં ૪૦ ઈંચથી ઓછો હોવો જોઈએ. વધુ પડતા મીઠા, ઠંડા પીણાં (જેમાં સાકર હોય છે) લેવાથી ડાયાબિટીઝ થઈ શકે પણ એના કરતાં પણ આર્ટીફિસીયલ મીઠા પીણાં (જેમાં મીઠાસ માટે કેમીકલ ઉમેરે છે) પીવાથી ડાયાબિટીઝ થવાની શક્યતા વધી જાય છે. ૬૦,૦૦૦ મધ્યમ વયની અને વધુ ઉંમરની સ્ત્રીઓનો ૧૪ વર્ષ સુધી ખાવાપીવાની અને તબીયત વિશે સર્વે કરતા જણાયું કે ફળોના રસ પીનાર કરતાં સોડા જેવા પીણાં પીનારમાં ડાયાબિટીઝ વધુ પ્રમાણમાં હતાં.

૨૦૦૦માં વિશ્વના ૫ ડાયાબિટીઝના પેશન્ટમાંથી ૧ ભારતીય હતો અને ૨૦૩૦ સુધીમાં દુનિયાના ૪ ડાયાબિટીઝ પેશન્ટમાંથી ૧ ભારતીય હશે. ભારતીયોએ વેસ્ટર્ન સંસ્કૃતિ અપનાવી, સાકર અને ચરબીથી ભરપૂર ખાદ્યો ૧૯૭૨થી ખાવા લાગ્યા. તેથી બિમારીઓ વધવા લાગી. સ્ત્રીઓને ઈસ્ટ્રોજન હાર્મોનને લીધે મેનોપોઝ સુધી ડાયાબિટીઝથી રક્ષણ મળે છે પણ ૪૦ વર્ષથી ઉપરની સ્ત્રીઓમાં પુરૂષો કરતાં ડાયાબિટીઝ વધુ હોય છે.

**(ક્રમશ :)**

## શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ-ઘાટકોપર (૫)

### -: ભૂરી ભૂરી અનુમોદના તથા આભાર સ્વીકાર :-

**શ્રીમતી કલ્પનાબેન હીરાચંદભાઈ મહેશ્વરી (સાંધાણ-વિલેપાર્લે)** તરફથી વર્ષ ૨૦૧૦થી પ્રતિવર્ષ વિદ્યાર્થીગૃહમાં રહી અભ્યાસ કરતા ૬ વિદ્યાર્થીઓની વાર્ષિક ફીસના રૂા. ૨૧,૦૦૦/- લેખે કુલ રૂા. ૧,૨૬,૦૦૦/- મળતા રહેલ છે. સંસ્થાના અધિકારીઓ તથા ટ્રસ્ટીઓ તેમની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

**સ્વ. શ્રી હિરાચંદભાઈ જીવરાજ મહેશ્વરી** વિદ્યાર્થીગૃહના ભૂતપૂર્વ વિદ્યાર્થી હતા તેમજ તેમણે સંસ્થાની મેનેજીંગ કમીટીના ઉપ-પ્રમુખ તથા માનદમંત્રી તરીકે ઘણાં વર્ષો સેવા આપેલ. છાત્રાઓની શૈક્ષણિક પ્રગતિ અર્થે સહાયભૂત થવા તેઓ હંમેશા તત્પર રહેતા, કોઈપણ વિદ્યાર્થી આર્થિક અગવડને કારણે ભણતરમાં પાછળ ન રહી જાય તેવી તેમની ભાવના રહેતી અને તે માટે તેઓ સંસ્થાને ભેટ આપી વિદ્યાર્થીની પ્રગતિમાં સાથ આપતા રહેતા. સ્વ.શ્રી હિરાચંદભાઈની સદ્ભાવનાને આગળ વધારતા તેઓના ધર્મપત્ની પ્રતિ વર્ષે વિદ્યાર્થીઓની વાર્ષિક ફીની રકમ સંસ્થાને ડોનેશનરૂપે મોકલાવતા રહ્યા છે.

વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓ, અધિકારીઓ તથા ટ્રસ્ટીઓ તેમનો ખૂબ ખૂબ આભાર માને છે.

**સંસ્થાના અધિકારીઓ તથા ટ્રસ્ટીગણ**

## અજાણી તથા નાગડા પરિવારનું ગૌરવ





**સૌ. યાશીકા કોશીલ અજાણી (ચેન્નઈ)**

Post Graduate in Early Childhood Educationમાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયેલ છે. તથા Advance Projet Work અને Visual Aidsમાં પ્રથમ ક્રમે આવ્યા બદલ **અજાણી અને નાગડા** પરિવાર ગૌરવ અનુભવે છે. આપ ઉત્તરોતર પ્રગતિના સોપાન સર કરતા રહો એજ અમારી અભિલાષા...

***ન ચોર હાર્યં, ન રાજ હાર્યં, ન ચ ભ્રાતુ ભાજ્યં નચ ભારકારી,***
***વ્યયે કૃતે વર્ધતે એવમ્ વિદ્યાધનમ્ સર્વ ધન પ્રધાનમ્ ।***

જે ચોર ચોરી નથી શકતો, રાજ જીતી નથી શકતો, ભાઈઓ ભાગ માગી નથી શકતા તેજ ભારરૂપ પણ નથી લાગતું. એવમ્ વાપરવાથી વધે એવું વિદ્યારૂપી ધન સર્વે ધનોમાં ઉત્તમ છે.

**માતુશ્રી તરલાબેન કુમારપાળ અજાણી પરિવાર** (કોઠારા)
**માતુશ્રી સરલાબેન રમેશ નાગડા પરિવાર** (નલિયા)

## દ્વિતીય પુણ્યતિથીએ ભાવભીની શ્રદ્ધાંજલિ

જન્મ
**૧૭-૩-૧૯૩૨**
અમલનેર



સ્વર્ગવાસ
**૩૦-૪-૨૦૧૧**
ડોંબીવલી

**સ્વ. શ્રી વિરચંદ રતનશી પ્રેમજી ધરમશી (ભાટે)** (કચ્છ જખૌ/સાંયરા)

*હૈયું હેતનો હિમાલય, સ્નેહ સરિતા સમ વાણી, દિલ દુભાય જો કોઈનું, તો આંખમાં આવે પાણી*
*હૈયે તેવું હોઠે જેવી પારદર્શક-નિખાલય પ્રકૃતિ, મનના માયાળુ, હૈયાના હેતાળ અને હૃદયના ઋજુ,*
*સહુ પર સ્નેહ વરસાવતા આપ્તજનની વસમી વિદાયથી ખોટ સાલે છે.*
શોકમગ્ન પરિવારની એજ પ્રાર્થના કે, હે પરમાત્મા! એ આત્માને પરમ શાંતિ આપજો...

**❊ શોકાતુર સ્વજનો ❊**

પત્ની : **હીરબાઈ વીરચંદ ધરમશી**
ભાભી : **વિજયાબેન દેવજી ધરમસી (પટેલ)** ✦ પુત્ર-પુત્રવધુ: **અ.સૌ. ચિત્રા કુમારપાલ ધરમશી**
પૌત્ર : **ભાવિક** ✦ પૌત્રી : **નિકીતા**
દિકરી-જમાઈ : **પુષ્પાબેન, અ.સૌ. દમયંતી પ્રફુલ લોડાયા, અ.સૌ. મીના મુલચંદ લોડાયા, અ.સૌ. લીલમ તુષાર મોમાયા**
સાસુ-સસરા : **સ્વ. લક્ષ્મીબાઈ ચાંપશી મેઘણ મોમાયા પરિવાર** (સાંયરા-મુલુંડ)

---

## જૈન ટ્રાવેલ્સ (ભુજ-કચ્છ)

### લકઝરી બસ



૨ X ૨ - ૪૧ સીટર
૩ X ૨ - ૫૬ સીટર

**જાયલો તથા દરેક નાની-મોટી**
**એસી / નોન એસી ગાડીઓ ભાડેથી મળશે.**
**સારા ડ્રાઈવર સાથે, એકદમ વ્યાજબી ભાડું**

**–: સંપર્ક :-**
**સોમચંદ એલ. લોડાયા**
**મો : 99840 0844 / 94272 41029**
**નીમેશ એસ. લોડાયા**
**મો : 83061 11166**

**જૈન ટ્રાવેલ્સ (ભુજ-કચ્છ)**

---

## તૃતીય પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

જન્મ
૨૨-૦૪-૧૯૩૭
તેરા-કચ્છ



અરિહંત શરણ
૨૮-૦૪-૨૦૧૦
વડોદરા-ગુજરાત

**સ્વ. (અ.સૌ.) મણિબેન ધનજી રતનશી ગોશર**

કચ્છ — બાયઠ

દિવસો વિત્યા... મહિના વિત્યા... વિત્યા વર્ષ ત્રણ. ખબર પણ ન પડી. એવું જીવન જીવી ગયા કે જેમાં વ્યવહાર કદી ચુકયા નહિ, ધર્મ કદી ભૂલ્યા નહિ. માયાળુ સ્વભાવથી સૌ સાથે આદરભર્યા સંબંધો જાળવી, સંસારયાત્રામાં સ્નેહનાં સૂર સર્જી આયુષ્યના અંત સુધી જીવન મધુર બનાવી હસતું રાખ્યુ મુખડું આપનો માયાળુ સ્વભાવ, લાગણીશીલતા અમો જીંદગીભર ભૂલશું નહિ. આપનો દિવ્ય આત્મા પરમપદ પામે એજ પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના !

ધનજી રતનશી ગોશર (બાયઠ-મુલુન્ડ) સમસ્ત પરિવાર
સ્વ. મુલજી શિવજી સામંત ખોના (તેરા-કચ્છ) સમસ્ત પરિવાર
સ્વ. કલ્યાણજી મુલજી લોડાયા (તેરા-કચ્છ) સમસ્ત પરિવાર
સ્વ. ખેતશી શામજી ખોના (સુજાપર-બેંગલોર) સમસ્ત પરિવાર

સ્પર્શ–કિંજલ–નિપિત, મેહેર–ગુંજ–પ્રાપ્તિ–ભાવેશ, જયશ્રી–રિતેશ
સચિન–યશેષ–મીના–હંસકુમાર
વૃષ્ટિ–મનાલી–ભદ્રા–નરેશ, આર્યન–જલ્પા–હિમાંશુ, દર્શન–પુજા–જય

## ભગવાન પણ મૌન છે... - લીના હિરેન લોડાયા (મુલુંડ)

આજકાલ બધે દેરાસરો અને મંદિરોની સંખ્યા વધવા સાથે ભક્તોની ભીડ પણ વધી છે. ખાસ કરીને યુવાનોની બાહ્ય રૂપ થી તો આ દૃશ્ય આહ્લાદક છે. બાહ્યરૂપથી એટલા માટે કહ્યું. કારણ કે ધાર્મિકતા કે પછી ધાર્મિક ક્રિયાઓ!!!?) વધી છે પણ સમાજ અસ્વસ્થતા તરફ પ્રયાણ કરતો દેખાય છે. યુવાનોમાં અસહિષ્ણુતા વધતી જઈ રહી છે. સૌમાં સ્વાર્થ, સ્વકેન્દ્રીયતા, એકલતા, ઉદાસી અને ઉદાસીનતા વધી રહ્યા છે. શિક્ષકનાં ઠપકાને લીધે વિદ્યાર્થીએ કરી આત્મહત્યા... ઘરમાં તણાવના લીધે યુવાન સ્ત્રીએ સંતાન સાથે કર્યો આપઘાત... વૃદ્ધાશ્રમોની વધતી સંખ્યા... સ્ત્રિયો પરના અત્યાચાર અને માદક નશીલા પદાર્થોના સેવનની વધતી માત્રા...!!! આ બધું શું સૂવે છે!? કારણ એક જ કે ધર્મ વધ્યો પણ અધ્યાત્મિકતા એ પ્રમાણમાં નથી વધી. ધર્મ અને અધ્યાત્મ બન્ને એક જ સિક્કાની બે બાજુ હોવા છતાં ફરક એક કે આધ્યાત્મિક વ્યક્તિ ધાર્મિક હોઈ શકે (હોય જ છે). પણ ધાર્મિક વ્યક્તિ અધ્યાત્મિક પણ હોય એ જરૂરી નથી. સિવાય કે કર્યા અપવાદ પણ જોવા મળે.

એક માતાજીનાં મંદિરની બહાર લખેલું હતું ''કાલે માંગો આજે આપશે... મા સંતાનને ખોબલે ખોબલે આપશે!!!'' હિંમત કરીને પુજારીજી ને પૂછ્યું અલબત્ત, એકાંતમાં, કે બાપા... અગર માં આપવાનું બંધ કરે તો શું લોકો નહીં આવે...!? પંડિતજી ભીડ તરફ જોઈ, મર્માળુ હસીને કાંઈપણ કહ્યા વગર ઘણું બધું કહીને આગળ વધઈ ગયા!!

આ મનોમંથન વધ્યું ત્યારે થયું કે દેરાસર જઈને ભગવાન ને જ કેમ આ સવાલ ન પૂછું? કે પ્રભુ... હવે ક્યારે બોલશો!!? આ તમારી મૂરતીનાં આંખ, નાક, કાન ખુલ્લા રખાવો છો તો મુખ કેમ નહીં...!! ને જાણે મારાં અંદર થી જ જવાબ આવવા લાગ્યા. જાણે ભગવાનની મૂર્તીને વાચા આવી...

''હે દિકરી, મારું મુખ બંધ છે ને એમાં જ ઘણી સારથ છે. ખુલ્લી આંખે જોઈ રહ્યો છું કે તમે માનવીઓ ને કીડીથી લઈને કૂતરા પરદ પ્રેમ છે. (કૂતરા પાળવઆનું વધી રહ્યું છે) પણ નજીકનાં માનવીઓ પર નહીં. કૂતરાની ગંદકી નિભાવી શકો છો પણ એજ મા-બાપ, સાસુ-સસરાને નથી નિભળાવતા અનીતીનો પૈસો કે જેને ઘરમાં વાપરવાની પણ મેં મનાઈ ફરમાવી છે અને મારા મંદિરો-સ્થાનકોમાં વાપરી પોતાની વાહ.. વાહ.. બોલાવો છો...!! આધુનિકતાના નામે નશો કરો છો અને બીજા દિવસે મારી પૂજા પણ કરો છો...!!

હકીકત તો એ છે કે તમે માનવીઓને તમારા પોતાના સિવાય બધાં અબોલ જ રહે એજ જોઈએ છે. ફક્ત તમે બોલો ને બધા સાંભળે રાખે!! કોઈ આલોચના તો જરાય આવકાર્ય નથી!

મારી (ભગવાનની) મુંગી મુરત તમને કોઈ શીખામણ આપી શકવાની નથી. ટીકા-ટીલા મને ખ ખોટી રીતે કરશો તોય નથી કહી શકવાની કે મને આ નથી પસંદ. તમારા પર આધિપત્ય જમાવવાની નથી. હા! તમે મારા પર આધિપત્ય રાખી શકો. અરે બઝારમાં વેચશો તોય હું કાંઈ બોલી શકું એમ નથી !!

તમને શું કહું!? મેં ભગવાન થઈને પોતે મારી મૂર્તી ઘડતા શિલ્પીને એકવાર સપનામાં જઈને આ જ સવાલ પૂછ્યો કે તમે શિલ્પીઓ અમારૂં મુખ (હોંઠ) કેમ બંધ રાખો છો? એણે કીધું......

''પ્રભો, તમેં તો ભોળાં રહ્યાં. મોક્ષવાસી રહ્યા. પણ હું તો આજ દુનિયાનો વાસી છું અને એને સારી રીત જાણું છું. અમે માનવીઓ ને મા-બાપ, શિક્ષક માટે માન હોય કે ન હોય પણ તમારા પર છે કારણ કે તમેં અમારી બધી વાત, સારી-ખો ટી, તમને ગમે કે ન ગમે, પણ સાંભળી લો જો. જે દિવસ બોલવાનું શરૂ કરશો ને ત્યારે જેમ મા-બાપને ઘર અને શિક્ષકોને સ્કૂલ છોડાવ્યા તેમ તમને મંદિરો છોડવાનો વારો આવશે. અને તમારી આમન્યા રાખીને કદાચ તમને ન છોડાવીએ તો તમીર ા કહેવાતા ભક્તો તમારા મંદિરોનો ત્યાગ કરી દેશે. એટલે અમે શિલ્પીઓ તમારો મુખ બંધ રાખીએ છીએ... હવે સમજ્યા!!?

**(Feedback : 9867254928)**

### અગત્યની સુચના

*પ્રકાશ સમીક્ષાના વાચકો પોતાના સરનામા ફેરફાર હોય તો લખીને જણાવે. નવું સરનામું મોકલવા સાથે જ જુનું સરનામું (જ્યાં જે સરનામે અંક આવતા હતા તે) રદ્દ કરવા જરૂર લખી જણાવવું.*

*જ્યાં પણ અંક ડબલ આવતા હોય તે વ્યક્તિ ન હોય કે અન્યત્ર રહેવા ગયા હોય ને અંક વ્યર્થ જતા હોય તેવા સરનામા રદ્દ કરવા લખી જણાવવું.*

*આપને આવતા અંકનું સ્ટીકર ચેક કરી કંઈ સુધારા-વધારા હોય તો લખી જણાવવું.*

*આપને ત્યાં જ્ઞાતિ પરિવારોનું લીસ્ટ તૈયાર હોય કે કોઈ કાર્યકર મહેનત લઈ બનાવીને મોકલશે તો તે ચેક કરી શકાશે.*

# TEEN TWINKLE

**General Knowledge & fun for teenagers.**

**Mrs. Neelam Dalesh Momaya (Chalisgaon)**
**M/s. Damji Bhimji Co.,** Station Road, Chalisgaon - MH. 424101.

## Secret to happiness

A labourer who was happy and cheerful through many long trials explains the secret of his content thus;

First I look up at heaven and remember that my principal business here is to get there.

Then I look upon the earth and think how small a place I shall occupy when I am buried.

Then I look around to see the many who are in all respects much more worse than I am.

Then and thus I learn where true happiness lies; where all care ends, and how little reason I have to compalin.

## Proverbs are lamps to life

You are happy as you decide to be. Be a cheerful and optimistic person.

a soft answer turns away wrath.

The test of manners is to be able to be put up pleasantly with bad ones.

Real happiness lies in making others happy

## Amazing fact

The village of Imichil in Morrocco (Kingdom of west Africa) is famous for its bride market. Marriageable girls of the At Hadidou tribe Livening the surrounding area are taken by their parents each autumn to Imilchil. A cattle fair is held at the same tome in the village to make certain good attendance at the bride market.

The girls wearing their finest garments and jewels assemble in the market place.

The young men looking for wives move among them and talk to them. If a father sees a young man is paying more attention to his daughter he moves in. the two men then start talking marriage alliance. When a bride price is finally fixed upon, the payment is made either in cash or in cattle, horses or sheep etc. the girl is then handed over to the man to become his wife.

## Amazing figures

The world's longest and most unusual clock adorns the 225 meter high post office tower at Dusseldorf in Germany, the clock without dial and hands consists of 39 lamps arranged vertically like bull's eye over a length of 170 meters. The time, automatically regulated, is indicated by the illumination of the mlamps.

the glass viewing tower of a 173 meter-high post office tower sparkles high above Ryad, the capital of Saudi Arabia. The tower with its gigantic diamond is the central point of the television centre which the German companies built. The electronics company of Siemens installed 22,000 lights in the building having its own theatre and five large studios.

## Today's word

Today's word is **'THE GLASS TOWER OF RYAD'.** Make as many words from this string of words and send it to Mrs. Neelam Dalesh Momaya. The longest list wins a prize. this week's prize goes to **Darshana Harish Gosar** (Karanja) Congragulations.

## કાવ્ય-પ્રકાશ : કાલ તમારો વારો છે

જીવનદીપની વાટ બળતી જાય છે
રોજ રોજ દિવસ ઓછા થતા જાય છે,
દૂરનું જોવા હવે આંખો ઝીણી થાય છે,
વા-તડકાથી બચવા હાથની છાજલી કરાય છે,
પહેલા ઋતુ બદલતા મન મહેકતું હવે
મન બિમાર પડશો અંદરથી કહેતું,
સંભળાય ઓછું એટલે હેં... હેં.. કહેવાય છે.
કારણ વગર સ્વજનો પર ગુસ્સો થઇ જાય છે,
મોંઘવારીની માઝા પર મનડું મુંજાય છે
જીવવા દરેક જીવને સ્વાર્થ પેદા થાય છે,
વાંધો-વાંક કોઇનો નથી, આ કળીયુગ કહેવાય છે
સ્વાર્થ માટે પોતાની સ્વજન સાથે થાય છે,
સમજીને ચાલવું નર નારીને
મોંઘરો મનુષ્યભવ હાથમાંથી સરકી જાય છે,
કપડાના સર ઈસ્ત્રીથી દૂર થાય,
શ્રીમંતોની કરચલીઓ કોસ્મેટીકથી દૂર થાય છે,
કરેલા કર્મોજ ઘરમથી ધોવાય છે મનમાં ધરબાયેલી
વાતો તમારા જેવા સ્વજનને જ કહેવાય છે.
સહન કરતા જીવો સહન કરી જીવજો
મર્યા પછી સ્વજનોની પ્રાર્થનાસભા ભરાય છે.
પ્રાર્થના તો નામની કહેવાય, ત્યાં પણ કથકુથલી થાય છે,
માલ હોય જો માણસ પાસે તો ચારમાં પુછાય છે.
ન હોય તો જીવતા પણ સ્વર્ગવાસી ગણાય છે.
મારે તેની લાકડીનો જમાનો છે. દિકરા, ધીમા પડો,
આજે નહીં તો કાલે તમારો વારો છે, શરમ ઘરમના ચિંથરા થયા,
મર્યાદા મેળે ચડી, મોટાઇ-નાનાઇ ગઇ,
સ્વાર્થ માટે હાથ ઉપડી જાય છે.

**- અનિલ હિરાચંદ ધુમ (કોઇમ્બતુર)**
**મો : 9843073737**

## કાવ્ય-પ્રકાશ

### જીંદગીમાં ગમગીની

અરેરે! આ શું થઈ ગયું?
સંબંધો પાંચ-છ દાયકાના
મિત્રતા યુવાનીથી નજદીકની
મળતા રહ્યા દર ઊનાળાની રજામાં
તહેવારો અને બિનાકા ગીતમાલા માણ્યા
જીવન સંસારમાં બન્ને અલગ પ્રાંતમાં
દૂર રહેવા છતાં પ્રેમભાવનાથી મળતા રહ્યા
જાણે એકજ કુટુંબના અને મિત્રાચારી
કેટલાય વર્ષો પછી મળવાનું થયું.
ભેટી પડ્યા હૃદયથી આંખમાં આંસુથી,
એમનો સુખી સંસાર જોઈને આનંદ અપાર
સરલ દિલના, પ્રેમભાવથી સહુને મળીને,
અચાનક "ગગન" નું તેડું આવ્યું.
સહુને આવજો કહીને "તિલકભાઈ"
ચાલી નિકળ્યાં "કોચીથી" અને
"લત્તાબેન" નું "તિલક" ભૂંસાઈ ગયું
સિંદૂરની રેખાઓ પણ ના રહી.
સાંભળીને "શરદ" નું મન ગમગીન થયું
ગમગીની હજી તો છોડતી નથી
જુના સંબંધો વિસરાતા નથી !
હવે તો યાદગીરી એજ હામગીરી
આવજો, ફરી મળીશું. આવતા ભવમાં....

**- શરદભાઈ ડી. મહેશ્વરી** (વડોદરા)

## ભગવાન કહાં હે?

| | | |
|---|---|---|
| ૧) | અનાજ હો ગયે હાઈબ્રીડ કે | તાકાત કહાં હૈ? |
| ૨) | નેતા હો ગયે ખુશી કે | દેશપ્રેમ કહા હૈ? |
| ૩) | ફુલ હો ગયે પ્લાસ્ટીક કે | સુગંધ કહાં હૈ? |
| ૪) | શિક્ષક હો ગયે ટ્યુશન કે | વિદ્યા કહાં હૈ? |
| ૫) | પ્રોગ્રામ હો ગયે કેબલ કે | સંસ્કાર કહાં હૈ? |
| ૬) | ઈન્સાન હો ગયે દિખાવે કે | આત્મીયતા કહાં હૈ? |
| ૭) | ન્યાયાધિશ હો ગયે રિશ્વત કે | ન્યાય કહાં હૈ? |
| ૮) | ડૉક્ટર હો ગયે કમાઈ કે | આરોગ્ય કહાં હૈ? |
| ૯) | વસ્ત્ર હો ગયે શોર્ટકટ | લજ્જા કહાં હૈ? |
| ૧૦) | ભોજન હો ગયે હોટલ કે | તંદુરસ્તી કહાં હૈ? |
| ૧૧) | વ્યાપાર હો ગયે સ્પર્ધા કે | બરતકત કહાં હૈ? |
| ૧૨) | દિલ હો ગયે પથ્થર કે | કરૂણા કહાં હૈ? |
| ૧૩) | ભક્ત હો ગયે સ્વાર્થ કે | ભગવાન કહાં હૈ? |

**સંકલન - સૌ. અંજુ લહેરચંદ નાગડા** (યવતમાલ)

## કેરીઅર ગાઈડન્સ

### બી.એસ.સી., બી.ફાર્મ માટે ટાટા હોસ્પીટલના રેડીયોથેરપી ડિપ્લોમા અભ્યાસક્રમની તક

ટાટા મેમોરીયલ હોસ્પીટલ કેન્સર માટે સારવાર અને સંશોધન કેન્દ્ર ચલાવે છે. દેશમાં કુલ મૃત્યુમાં ૧૩ ટકા મૃત્યુ કેન્સર દ્વારા થાય છે. કેન્સરની સારવાર માટે ઘણી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે, તેમાંની એક પદ્ધતિ રેડીયોથેરપી છે. ટાટા મેમોરીયલ હોસ્પીટલ બી.એસ.સી. અને બી.ફાર્મ કરેલ વિદ્યાર્થીઓ માટે બે વર્ષના એડવાન્સ ડિપ્લોમા ઈન રેડીયોથેરપી ટેક્નોલોજી અને મેડીકલ ઈમેજિંગ ટેક્નોલોજી કોર્સ કરાવે છે. ટાટા હોસ્પીટલના આ ડિપ્લોમા કર્યા પછી હોસ્પીટલમાં એક્સરે, સીટી સ્કેન, એમઆઈઆર, સોનોગ્રાફી, મેમોગ્રાફી અને કેથબેલ મશીન ઉપર રીપોર્ટ કાઢી શકાય છે અને પોતાના ક્લિનીક સેન્ટર પણ ખોલી શકાય છે.

**શૈક્ષણિક લાયકાત :** (૧) મેડીકલ ઈમેજિંગ ટેક્નોલોજી કોર્સ માટે બી.એસ.સી. અથવા બી.ફાર્મ જરૂરી પણ ટકાવારીની જરૂર નથી. (૨) રેડીયોથેરપી કોર્સ માટે બી.એસ.સી. ૫૦ ટકા સાથે કરેલું હોવું જોઈએ.

**વય મર્યાદા :** ૨૦ થી ૨૫ વર્ષથી વચ્ચે જ.

ઉમેદવારોની પસંદગી ઈન્ટરવ્યુ દ્વારા કરવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખ ૩૦.૪.૧૩ છે. અરજી કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ પોતાના પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશનની લાઈબ્રેરીમાં સંપર્ક કરવો.

### એસ.એસ.સી. ગ્રેજ્યુએટ રમતવીરોને આર.બી.આઈ.માં નોકરીની તક

વિવિધ રમતોમાં જિલ્લાસ્તરે, ઈન્ટર યુનીવર્સિટી ટુર્નામેન્ટ, રાજ્ય સ્તરે મહત્ત્વપૂર્ણ યોગદાન આપનાર મેરીટોરીયસ રમતવીરો આરબીઆઈમાં ઓફિસ આસિસ્ટન્ટ અને ઓફિસ અરેન્ડન્ટ વગેરે પોસ્ટની ભરતી માટે અરજી કરી શકશે.

**શૈક્ષણિક લાયકાત :** ઓફિસ આસિસ્ટન્ટ માટે કોઈ પણ સ્નાતક અને ઓફિસ અટેન્ડન્ટ માટે એસએસસી ટકાવારીની જરૂર નથી.

**વય મર્યાદા :** ૧૮ વર્ષથી ૨૬ વર્ષ.

ઉમેદવારોને પસંદગી ઈન્ટરવ્યુના આધારે કરાય છે. અરજી કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ પોતાના પાસપોર્ટ સાઈઝના બે ફોટા સાથે અરજી કરવી.

MBA માટે SAIL સ્ટીલ કંપનીમાં નોકરીની સારી તકો છે. ફોર્મ માટે સંપર્ક મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશન લાયબ્રેરી, દાદર.




## પ્રતિભા અને પડઘા

જ્ઞાતિ પ્રવાહના સાપ્તાહિક માધ્યમ ક.દ.ઓ. પ્રકાશ-સમીક્ષાની જ્ઞાતિના દરેક ઘરમાં આતુરતાથી રાહ જોવાય તે સ્વાભાવિક છે. સાપ્તાહિકમાં પ્રસિદ્ધ થતા 'ચર્ચાને ચોતરે' નો વ્યાપ પણ કંઈ કમ નથી. પ્રકાશ સમીક્ષા અંક ૮માં પ્રસિદ્ધ મારા પત્ર 'પારસમણિનો પરિચય' વિષે મને અદ્‌ભૂત પ્રતિસાદ સાંપડ્યો. વડાલાના શ્રીમતી સુશીલાબેન ચંદુલાલ ધરમશી (સુથરી) તરફથી તરત નિખાલસ માસિકની એક નકલ શ્રી શત્રુંજય તીર્થાધિરાજ મધ્યે સૌ. નિશાબેન હિતેશભાઈ મોતા પરિવાર આયોજિત વિ.સં. ૨૦૬૮-૬૯ના યાદગાર ચાતુર્માસ તથા ઐતિહાસિક ઉપધાન તપ અંગેનો વિશેષાંક સાભાર સાંપડ્યો. અંકમાં શ્રીમદ્ વિજયયોગ તિલકસૂરીશ્વરજી મ.સા.ની તસ્વીરો અને શાસનપ્રભાવનાના શુભ સમાચારોથી વાકેફ થઈ ગદ્‌ગદ્ થઈ જવાયું અને પારસમણિના પરિચયની પૂર્તિ પ્રતિતિ થઈ. ક્યારેક બહાર માધ્યમોમાં જ્ઞાતિ ગૌરવની હકીકત વાંચી દશાઈ નામનાનું ગૌરવ અને રોમાંચ અનુભવાય.

**મુલુંડ, ૩૦.૩.૧૩ - કાંતિલાલ કેશવજી મોતા**

## KDO BUDS
## Vadodara Bal Sanskar Shibir

This was the exact feeling of each and every participant and organisers of the great innovative BAL SHIBIR KDO BUDS AT VADODARA.

The unique shibir, KDO BUDS organised by samast mahajan, Supported and managed by shri NISHITH DAND (trustee samast mahajan) OF VADODARA in association with various volunteers and faculty members was a MEGA SUCCESS.

Breaking the tradition, the usual long inaugural was replaced with BIRD RELEASE as inaugural the birds were released by children participating in KDO BUDS to set a real life example of JEEVDAYA, a great belief of JAINS What you practice is what you do come true Children experienced the term JEEVDAYA in real by seeing the BIRDS FLY TO freedom.

Quickly the programme begun with TEAM FORMATION the teams were designed with mix goups and this brought the feeling of FUN with learning the team were interestingly named K.D.O. B.U.D.S.

An interesting interactive session on religion was conducted by KAMLESH LAPASIYA, an experienced faculty from Mumbai. this interactive session gave the children a glimpse on janinsm the session was question answer based with many awards.

The session was complemented by one minute games which kept the score ticking of KDO BUDS teams. This gave a great feeling of competition and team building both.

A Super hit DRAMA called "WELCOME TO K D O" was staged by KDO artists both young and old and this nicely scripted drama by Anuprita dand and Jinal Mota was a great HIT amongst children. The drama stood true to its rame and theme. The drama indirectly conveyed the advantages of coming to KDO. The importance of mahajan etc. the drama clearly let a great message which the participants will never forget.

A delicious lunch was organized so that participants enjoy. A session on KDO ASMITA conducted by KEVAL and NISHITH DAND as a great hit. The session with games. Quiz was interesting.

A round of actual visit of derasar gave the participant practical insight to a new way to see the derasar. Many questions and quarries were solved.

A role play workshop on advantages and disadvantages OF KDO was conducted.

This group exercise was heating and brought many real issues what the KDO youth of today think and want from us.

At the end youth programme was summed up by team awards and feedbacks with a ending high tea

The SHIBIR K D O BUDS was well attended by 40 participants. And were a true trend setter and a clear way forward on what is actually practically needed today. The cheers to the TEAM KDO.

The programme was sponsored by Shir NISHITH DAND, he was personally resent although the programme and himself conducted and anchored the programme.

Mr. Praveen Lodaya was instrumental in getting the participants, Mr. Keval and his team of volunteers worked hard to make it successful vadodara mahajan extended the support and the venue. Shri Chiman Mota and shri Champak Jiwani from Samast mahajan attended the programme.

In short we would conclude with saying, this novel approach to involve the KDO youth is the right step towards community building and need of the HOUR.

KDO BUDS - yes, we did it..

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## ‘અનંતછાયા’ની હાઈકોર્ટમાં સુનાવણી

મુંબઈ હાઈકોર્ટના નામદાર જસ્ટીસ શ્રી નીતિન જામદાર સમક્ષ અનંતછાયાના વેચાણનો વિરોધ કરતા પક્ષકારો ડૉ. લક્ષ્મીબેન ખોના અને ચંદ્રસેન મોમાયા દ્વારા કરાયેલ અલગ અલગ રીટ પીટીશનોમાં સર્વ પક્ષકારો (ડેવલપર મે. કીલેન્ડ ડેવલપર સહિતના) એ ૨૪ એપ્રિલ ૨૦૧૩નાં લેખિત સ્વરૂપના પોતપોતાની મુખ્ય દલીલોના સાંરાશ ફાઈલ ર્ક્યા બાદ નામદાર કોર્ટ થોડા દિવસોમાં આ પીટીશનો બાબતે ચૂકાદાઓ આપશે તેમ જણાવ્યું હતું. તે અનુસાર ૮ મે ૨૦૧૩ પહેલા નામદાર હાઈકોર્ટ આ પીટીશનોનો નિકાલ કરશે તેવી શક્યતા છે.

## સાંયરા

સાંયરામાં બિરાજતા મોમાયા માતાજીના સ્થાનકે ધ્વજા કાર્યક્રમ ઉજવાયો. ૧૧.૪.૧૩ના બપોરના મોમાયા માતાજીની ધ્વજા વાજતે ગાજતે દાતા સ્વ. ચીમનલાલ દામજી મોમાયા પરિવાર (સેંધવા) તરફથી ચડાવાઈ. બપોરના ચંડીપાઠ વિધિકાર શ્રી લાલાભાઈ વ્યાસે કરાવેલ. રાતના ઘણીબાવા રામપીરનો પાઠ વિધિ પ્રદીપભાઈ મુનવર (કોઠારા)એ કરેલ. પાઠમાં ૨૧ ભાવિકો બેઠેલ. પાઠ બાદ માતાજીની ભક્તિ ગરબા, મટુકડી રમતો થઈ. માતાજીની જુહાર-પહેડી ભાવપૂર્વક થયેલ.

૧૨.૪.૧૩ના ભોઈમાની ગંધી વાજતે ગાજતે ભાવભક્તિથી કરવામાં આવેલ. બે દિવસના સાધાર્મિક ભક્તિના દાતા સ્વ. ચીમનભાઈ દામજી મોમાયા (બારોઈ-સેંધવા) પરિવારે લાભ લીધેલ.

પ્રતિક કેટરર્સના ભીખાભાઈએ બે દિવસ ખાનપાન વ્યવસ્થા સંભાળેલ. દાતા શ્રી ચીમનલાલભાઈ દામજી મોમાયા પરિવારનું બહુમાન શ્રી હીરાચંદભાઈ પટેલ, ગૌતમ મોમાયા (જામનગર) અને ઉત્તમ મોમાયાએ કરેલ.

આ પ્રસંગે લબ્ધીભાઈ મોમાયાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલ. શ્રી રાજેન્દ્રભાઈ મોમાયાએ સ્વ. શ્રી ચીમનભાઈને યાદ કરી સ્મરણાંજલિ આપેલ. આભારવિધિ ઉત્તમભાઈ મોમાયાએ કરેલ. સતીષભાઈ તથા સંજયભાઈનું બહુમાન થયેલ. રસોડાની દેખરેખ શ્રી દિનેશભાઈ પટેલે સંભાળેલ.

કાર્યકરો સર્વશ્રી પ્રવિણભાઈ, શ્રેણીકભાઈ, ધનપતીભાઈ, રાજેન્દ્રભાઈ, લહેરચંદભાઈ નરેન્દ્રભાઈ, જીતેન્દ્રભાઈ, કલ્પેશભાઈ, ચંદુભાઈ કમલેશભાઈ, હીરાચંદભાઈ પટેલ. બીપીનભાઈ, ગૌતમભાઈ, સુનીલભાઈ, લબ્ધીભાઈ, શરદભાઈ તથા પ્રેમચંદભાઈ એ જહેમત લીધેલ.

આ કાર્યક્રમમાં મુંબઈ, દેશાવર, તથા કચ્છના આજુબાજુમાંથી ૧૨૫ ભાવિકો પધારેલ. પુ.સા. ગુણમાલાશ્રીજી મ.સા. ૧૧.૪.૧૩ના કાળધર્મ નિમિત્તે સમૂહમાં જાપ રાખેલ. ચાયણ માતાજીના ભુવાબાપાની ગંધી બદલવાનો કાર્યક્રમ ૧૧.૪.૧૩ના સવારના ૧૦ વાગે હતો.

## જલગામ ક.દ.ઓ. જૈન કલ્ચરલ એન્ડ સોસીયલ વેલ્ફેર લીગ

જલગામ મહાજનશ્રીને ઉપરોક્ત નામે નવા સ્વરૂપે ચેરીટી કમીશ્નર કાર્યાલયે નોંધવામાં આવેલ છે. તેની નવી કારોબારીમાં પ્રમુખ શ્રી લક્ષ્મીકાંત બી. લાપસીયા, ઉપપ્રમુખ શ્રી નરેન્દ્ર એચ. શાહ, માનદમંત્રી શ્રી પરેશ જે. લોડાયા સભ્યો સર્વશ્રી લહેરચંદ એમ. પોલડીયા, કેતન એલ. નાગડા, કલ્પેશ એમ. છેડા, પંકજ કે. મોમાયા નીમાયા છે. મહાજનશ્રી સંપર્ક C/o. ૨૪૧ નવી પેઠ, સ્ટેશન રોડ, જલગામ-૪૨૫૦૦૧

## ‘જિનાજ્ઞા’ પુસ્તક પ્રાપ્તિસ્થાન

શ્રી લક્ષ્મીચંદ ચાંપશી દંડ દ્વારા પ્રકાશિત ‘જિનાજ્ઞા’ પુસ્તક મેળવવા વિવિધ ગામોમાં કાર્યકરો પાસે સંપર્ક કરી શકાશે. પ્રાપ્તિસ્થાન અને વધુ માહિતી માટે સંપર્ક શ્રી લક્ષ્મીચંદભાઈ દંડ-07940094514/9374881300 અથવા ઉષાબેન-09428972394.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

## જૈન સાધુઓને વિહારમાં યુવા સુરક્ષા કવચ

હાલમાં જૈન શ્રમણોના વિહારમાં વધતા જતા અકસ્માતોને કારણે જૈન સમુદાય દ્વારા તકેદારીરૂપે યુવાઓ દ્વારા તેમને સુરક્ષા કવચ ગોઠવાશે. 'જિતો' દ્વારા પણ આ અંગે ઉપક્રમ હાથ ધરાયો છે. ભારત જૈન મહામંડળની અપીલને અનુસરતા અનેક યુવાઓ આગળ આવ્યા છે. ગામેગામના યુવાઓ ટુકડી બનાવી શક્યતઃ શ્રમણ વિહારમાં સુરક્ષા કવચની ફરજ નિભાવશે.

હવે વહેલી પરોઢે અંધારામાં વિહાર ટાળવા, રસ્તાની જમણી તરફ ચાલવું. મુખ્ય માર્ગના બદલે કેડીથી ચાલવું, જરૂરી રેડીયમ લાઈટ વ્યવસ્થા રાખવી વગેરે સુચન અમલી બનાવાયા છે.

## અબડાસામાં ૬૫ ગામોમાં ગૌસેવા યજ્ઞ

અબડાસા-કચ્છમાં અછતની પરિસ્થિતિમાં ઢોરનિભાવ સમસ્યા ઉકેલવા વીશ હજાર ઢોરોને દોઢ મહિનો નિરણ નાખવાનું કામ ચાલુ થયું છે. ડુમરા વિકાસ સમિતિ દ્વારા દાતાઓના સહકારે ૬૫ ગામોમાં રૂા. દોઢ કરોડના ખર્ચે નિરણકેન્દ્રો શરૂ થયા છે. જેમાં ભેદી, વરાડીયા, સાંયરા, આમરવાંઢ, શીરૂવાંઢ, ખીરસરા, વીંઝાણ, આરીખાણા, સુથરી, બેર, આદ્દાપર, ખુવડા, છછી, ઘુવઈ, પિંગલેશ્વર કડલી, રાપરગઢ, કમંડ, વાંકુ, પરજાઉ, વારાપધર, પેથાપર, કોઠારા, સિંધોડી, મંજલ, બાઈવાંઢ, ઉસ્તીયા, ભાડરા, બાંઢિયા, આશાપર, કરોડીયા જબરા, કુકડાઉ, બેલા, નલીયા, લાલા, બુડીયા, દાદામાપર, કેર, કોસા વગેરે ગામોમાં ઢોર દીઠ રૂા. ૧૦નું દૈનિક નીરણ નખાશે.

## ભલારાદાદાની પચીસમી સમુહ પહેડી

ગુડી પડવા ૧૧.૪.૧૩ના ભલારાદાદાની પચીસમી સમુહ પહેડીના લાભાર્થી પરિવારો માતુશ્રી કુંવરબાઈ વિશનજી માંયા (સુથરી) તથા માતુશ્રી લીલાવંતીબેન લક્ષ્મીચંદ લોડાયા મંજલીયા (સુથરી)ના ઉદાર સહયોગે પોલિસ ફુટબોલ ગ્રાઉન્ડ, ઘાટકોપરમાં આનંદ ઉમંગે સંપન્ન થઈ.

સાંજે ચાર વાગે ભલારાના ભૂવાશ્રી દિનેશ વિશનજી દંડ તથા ભુવાશ્રી ભવાનજી હરશી લોડાયાના હસ્તે ઢોલ-શરણાઈનાં સૂરે ભાવિકોની વિશાળ હાજરીએ દાદાની અત્યંત ચિતાકર્ષક સજાવટે ઉચ્ચ સ્થાને સ્થાપના કરવામાં આવી.

આમરસ સહ વિવિધ વાનગીઓના મનભાવન થાળ લાવી પરિવારજનો દ્વારા વાજતે ગાજતે દાદાના ચરણે ધરવામાં આવ્યા.

આષાઢી ગાયકો શ્રી કિશોર મનરાજા અને શ્રી હંસકુમાર મૈશેરીના પંચમ સૂરના સૂરે, ભક્તિએ, ભજન ગીતોએ, પોલીસ ગ્રાઉન્ડમાં રોશનીએ મદહોશ માહોલે ભીતર ભીના થતાં "દાદા ભલારા આંજી આરતી ઉતારીયાં" ની ધુન સાથે આરતી ઉતારવામાં આવી.

વસતીપત્રક સમિતિ દ્વારા ઓન લાઈન વેબસાઈટ ડેમોસ્ટ્રેશન કરી સાઈટ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

સંકેત જીતેન્દ્ર છેડાની આગવી સુઝ બુઝે કળાએ કંડારેલી દાદાના જીવન ઝાંખીની આબેહૂબ રજૂઆત તથા દાદાના બેસણાંના ૨૯ સ્થાનકોની સંગીત મઢેલી સી.ડી., ની મોટા પરદે રજૂઆત કરતાં ભાવિકોએ ઉત્કંઠાએ નીરખી. આ સી.ડી.નું વિતરણ કરાયેલ.

એ પ્રસંગોની ઝલક શ્રી હિતેશ વિનોદ મૈશેરીએ સી.ડી. વી.ડી. અને કેમેરામાં અંકિત કરેલ.

વંશ-વારસોની પટાવલ્લી સંભાળતા ભટ્ટો પાસેથી અથાક પ્રયાસે મેળવેલી વિગતો અને સંશોધનો કરી લખાયેલ ઈતિહાસનું સંકલન શ્રી રમેશ મુલજી લોડાયા તથા શીઘ્ર કવિ શ્રી લહેરચંદ વેલજી મૈશેરી સંપાદિત 'ચાલો દાદા દરબારે' પુસ્તકનું આનંદ-ઉલ્લાસે વિમોચન કરવામાં આવ્યું. આ પુસ્તકમાં દાદાની જીવન ઝાંખી, આરતીઓ, પાઠ, દાદાના ૨૯ સ્થાનકોના રંગીન ફોટા સહિત અન્ય ઉપયોગી માહિતી સંકલિત કરાઈ છે.

આ વિમોચન શ્રી કિરીટભાઈ લાપશીયા અને શ્રી લક્ષ્મીચંદભાઈ મોતાના શુભ હાથે કરાયું.

પૂ. યતીશ્રી મોતીસાગરજી મ.સા.ને વંદન કરી શાલ ઓઢાળી સન્માન કરાયું. યતીશ્રીએ ભારોભાર અનુમોદના કરી શુભેચ્છા આપી.

ભુવાશ્રી દિનેશભાઈ દંડ તથા ભુવાશ્રી ભવાનજી હરશી લોડાયાનું પહેડીમાં સહયોગ, માર્ગદર્શન અને તેઓશ્રીની સેવા અને અનુલક્ષી ઉચિત ગૌરવ સન્માન કરવામાં આવ્યું.

ઈતિહાસ માહિતી આપવા શ્રી રમેશભાઈ લોડાયાનું


આપની રજાઓનું આયોજન કરો...
**હોલીડે પ્લાનર્સ**

જ્યુટાઉન, કોચીન-૬૮૨૦૦૨
સંપર્ક : **શ્રી મેહુલ બી. મૈશેરી 07736025429 / 08129945429**
E-mail : info@holidayplannersonline.com

**આવો, વરસાદી પિકનીક અને કુદરતના ખોળે નિસર્ગની સંગાથે... એવરગ્રીન કેરાલા... અને દક્ષિણના પેકેજ પ્રવાસો**
**કોચીન, મુન્નાર-ટેકડી, કુમારકોમ હાઉસબોટ, કોવલમ, વાયનાડ, પૂવાર અને આંદામાન**
***ડોમેસ્ટીક અને ઈન્ટરનેશનલ પેકેજ ટુરો ❖ હોટેલ રીઝર્વેશન ❖ કાર-વાહન-યાત્રા ❖ ટિકીટો બુકીંગ વગેરે સુવિધા***
**મનભાવન ભોજન વ્યવસ્થા, જૈન ફૂડ, ભરપુર સાઈટ સીઈંગ** **હોલીડે પ્લાનર્સ.... યાદગાર ટુરનું સંભારણું...**

તથા પુસ્તકનું સંપાદન અને દાદાની આરતી "દાદા ભલારા આંજી આરતી ઉતારીયું" ની રચના બદલ શ્રી લહેરચંદ વેલજી મૈશેરીનું શાલ ઓઢાળી સન્માન કરવામાં આવ્યું. પ્રેક્ષકગણે સૌને તાળીઓએ વધાવ્યા.

ભલારાદાદા ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓએ લાભાર્થી પરિવારોના શ્રી દિનેશ વિશનજી મોતા અને શ્રી મહેશ લક્ષ્મીચંદ લોડાયા પરિવારનું ઉચિત સન્માન કર્યું.

પહેડીના રજતવર્ષ ઉજવણીમાં મુંબઈ મહાજન, અનંતનાથ ટ્રસ્ટ, સર્વે મંડળોના પ્રતિનિધિઓ અને મુંબઈભરમાંથી તેમજ દેશાવળથી ભાવિકો પધારેલ. અંદાજે પાંચેક હજાર ભાવિકોએ પહેડીદર્શન કરી પ્રસાદનો લાભ લીધેલ.

અંતે મહાઆરતીએ હજારો ઝળહળતા દિવડા માહોલે ભક્તિની ભરતીએ ઉછળી દાદાની અહોભાવે આરતી ઉતારાઈ. બાદ સંખ્યાબંધ રસીયાઓ ગરબા-રાસની રંગતે ઝૂમી ઉઠ્યા.

કાર્યક્રમ સૂત્ર સંચાલન શ્રી મુકેશ મૈશેરીએ કર્યું. પંદર દિવસના સમયમાં ચાલો દાદાના દરબારેનું મુદ્રણ કર્યું. શ્રી જી.વી.સી. સંઘ ઘાટકોપરના કાર્યકરોએ સ્વયંસેવક સેવા સંભાળી.

લાભાર્થી પરિવારજનોએ પહેડી લાભની ધન્યતા અનુભવી ભીતરી પરિતોષ માણ્યો. વિશાળ મંડપમાં વ્યવસ્થાનો સૌએ સંતોષ અનુભવ્યો.

## શ્રી છતી. ક.દ.ઓ. જૈન યુવા મંડળ-રાયપુર

મંડળની સામાન્ય સભા અને ત્રિવાર્ષિક ચુંટણી ૩૧.૩.૧૩ના કુંથુનાથ હોલમાં યોજાયેલ. મંચ ઉપર શ્રી ઉત્તમચંદ મૈશેરી (પ્રમુખશ્રી-કચ્છી જૈન સંઘ), શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા (પ્રમુખશ્રી–ઉત્તર ભારત એકમ) શ્રી વાલજી ખેતશી જીવાણી, વિજય શિવજી લોડાયા, કુલિનકાંત જીવાણી, ઉમરશી દેવજી મૈશેરી, કિશોર મેઘજી મોતા અને કુંથુનાથ મહિલા મંડળના પ્રમુખ સૌ.મંજુલાબેન કુલીન જીવાણી આદિ ઉપસ્થિત હતા.

નવકાર મંત્ર પઠન બાદ મહાકાલી માતા અને કુંથુનાથ ભગવાનના ફોટા પર માલરોપણ અને દીપ પ્રજ્વલન બાદ મંચ અતિથિઓનું સ્વાગત કરવામાં આવેલ. ઉપસ્થિત અતિથિઓ અને અધ્યક્ષશ્રીએ પોતાનું પ્રાસંગિક ઉદ્દબોધન આપેલ. શ્રી મહાવીર જયંતિ ઉત્સવ, યોગ શિબિર, ધાર્મિક શિબિર, ગ્રીષ્મકાલીન શિબિર વગેરે કાર્યક્રમોની વિસ્તારપૂર્વક ચર્ચા-વિચારણા કરવામાં આવેલ.

ચુંટણી અધિકારી શ્રી હરીશ શીવજી લોડાયાના નિરીક્ષણમાં બધા પદો માટે નિર્વિરોધ ચૂંટણી થયેલ.

અધ્યક્ષ-શ્રી અમિત હિરાચંદ મૈશેરી, ઉપાધ્યક્ષ-શ્રી મિલન ઉત્તમચંદ મૈશેરી અને સૌ. તૃપ્તી ચંદ્રેશ છેડા, સચિવ-શ્રી નયન સતીશ છેડા, સહસચિવ-શ્રી હિતેન મહેન્દ્ર નાગડા અને સૌ. શ્વેતા હિતેન્દ્ર લોડાયા, કોષાધ્યક્ષ-શ્રી હિતેશ શરદ મોમાયા, નવી ટીમ દ્વારા કાર્યકારી સભ્યો નિતેશ ઉમરશી મૈશેરી, નિતેશ શશીકાંત નાગડા, અમિત કુલિનકાંત જીવાણી, જીગર હરીશ લોડાયા, શ્રીમતી હેતલ ગીત શિયાડ, કુ. પૂર્વા ભૂપેન્દ્ર મોમાયા, કુ. રોશની તરૂણ લોડાયા, જીગર હરીશ ખોના. ભૂતપૂર્વ પ્રમુખ-ભાવિક શશીકાંત નાગડા નીમાયેલ.

નવી ટીમનો કાર્યકાળ : ૧.૪.૧૩ થી ૩૦.૩.૧૬ સુધીનું રહેશે. સાંસ્કૃતિક સમિતિમાં સૌ. મિત્તલ ભાવિક નાગડા, સૌ. પૂજા હિતેશ મોમાયા, સૌ. હેમલ મનીષ લોડાયા, સૌ. દીપા નયન છેડા, સૌ. કોમલ હિતેન નાગડા, અનિલ પ્રવિણ લોડાયા, રોનક વિજય લોડાયા, કરણ દિપક નાગડા, સૌ. ગીતા દિપેશ લાલકા અને સૌ. કાજલ ચેતન શિયાડ નીમાયા.

મહાવીર જયંતિ ઉજવણીની વ્યવસ્થા માટે શ્રી અમિત કુલીનકાંત જીવાણી અને નિતેશ શશીકાંત નાગડાને જવાબદારી આપવામાં આવેલ.

જુન-૧૩ના સુશ્રી ગીતા જૈન (મુંબઈ) ૧૦ દિવસીય યોગ શિબિર માટે સૌ. મિત્તલ ભાવિક નાગડા, મિલન ઉત્તમચંદ મૈશેરીને વ્યવસ્થા સોંપાયેલ.

એપ્રિલ-મે-૧૩માં આયોજીત સમર કેમ્પ માટે સૌ. હેતલ ગીત શાહ, સૌ. પૂજા હિતેશ મોમાયા, સ્વપ્નિલ પ્રવિણ લોડાયા તથા કોમલ હિતેન નાગડાને કારોબાર સોંપવામાં આવેલ. ધાર્મિક શિબિર માટે સૌ. ડિમ્પલ જયેશ નાગડા, કુ. રૂપા નવિન શિયાડ, કુ. રોશની તરૂણ લોડાયાને જવાબદારી અપાયેલ.

સલાહકાર સમિતિમાં સર્વશ્રી હરીશ શિવજી લોડાયા, ભરત નારાણજી મૈશેરી, ચેતક ઝવેરચંદ લોડાયા, મનીષ ઉત્તમચંદ લોડાયા, સંજય વાલજી જૈન અને યોગેશ ગોવિંદજી મોમાયા નીમાયા.

શુભેચ્છા સહ....
**શીતલ કોટન ટ્રેડર્સ**
**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**
(રંગપુર-કોઈમ્બતુર)

શુભેચ્છા સહ....
Laxmichand Dharshi Mota
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No.11-0404

શ્રી અંકિત યોગેશ દંડ (ભિલાઈ), શ્રી તુષાર બંકીમ શાહ (ધમતરી) શ્રી નિતેશ ખીમજી મોતા (ભાટાપારા) તે તે વિસ્તારનું પ્રતિનિધિત્વ કરશે.

સભાના અંતમાં ચૂંટણી અધિકારી શ્રી હરીશ શિવજી લોડાયાનું સન્માન કરી સાભાર વ્યક્ત કરવામાં આવેલ. નવા ચૂંટાયેલ પદાધિકારીઓનું સન્માન કરવામાં આવેલ અને પદ ગ્રહણ કરાવવામાં આવેલ. પૂર્વ અધ્યક્ષ શ્રી ભાવિક નાગડાએ પોતાના ઉદ્‌બોધનમાં સહયોગ બદલ સર્વેનો આભાર માનેલ અને નવી ટીમને પણ એટલોજ સાથ સહકાર બધાથી મળશે એવી આશા વ્યક્ત કરેલ. સચિવ દ્વારા સૌનો આભાર માની સર્વેને ચૌવિહાર માટે આમંત્રિત કરેલ. નવા ચુંટાયેલા અધ્યક્ષ શ્રી અમિત મૈશેરીએ પણ બધાનો આભાર માનેલ અને નવી ટીમને પણ પૂર્ણ સહયોગ સાથ મળશે એવી આશા રાખેલ.

## કુંથુનાથ જિનાલયની ૧૨મી વર્ષગાંઠ

રાયપુર સ્થિત શ્રી કુંથુનાથ જિનાલયની ૧૨મી વર્ષગાંઠે ધ્વજા મહોત્સવ ૨૬.૫.૧૩ના ધામધુમથી ઉજવવામાં આવશે.

## સૌ. રાજુલાબેન ભૂપેશ શાહ

સૌ. રાજુલાબેન ભૂપેશ શિયાડ (જખૌ-ધમતરી)નું મહિલા દિન ૮.૩.૧૩ના ધમતરીમાં પ્રજાપિતા બ્રહ્મકુમારી સંસ્થા દ્વારા નારી સન્માન કરવામાં આવેલ.

સૌ. રાજુલાબેન ધમતરી ગુજરાતી સમાજ, મહિલા સમાજ, લાયન્સ ક્લબમાં સક્રિય સેવાઓ આપે છે.

## શ્રી વિજય શીવજી લોડાયા

શ્રી વિજયભાઈ (મોટી સિંધોડી) રાયપુર મિલ મશીનરી એસોસીયેશનમાં બહુમતીથી સંયુક્ત સચીવ પદે ચુંટાયેલ છે. તેઓ સક્રિય સમાજિક કાર્યકર છે. ઉક્ત એસોસીયેશનમાં ઘણી પેનલોમાં હરીફાઈ હતી તે છતાં શ્રી વિજયભાઈ બહુમતી ચુંટાયા. હાર્દિક અભિનંદન.

## ભાવિક શશીકાંત નાગડા (જખૌ-રાયપુર)

ભાવિકભાઈ સેલ્સટેક્ષ બાર એસોસિએશન-રાયપુરમાં સતત ચોથા વર્ષે કોષાધ્યક્ષ પદે ચુંટાયા છે. તેઓ યુવા મંડળ રાયપુરના ભૂતપૂર્વ પ્રમુખ અને આઈસીઆઈમાં પણ સક્રિય સભ્ય છે. હાર્દિક અભિનંદન.

## રાયપુરમાં મહાવીર જયંતિ ઉત્સવ

સકલ જૈન સમાજ રાયપુર દ્વારા આયોજીત મહાવીર જયંતિ ઉત્સવમાં જ્ઞાતિના સર્વશ્રી તરૂણ શીવજી લોડાયા-સંરક્ષક, હરીશ ઝવેરચંદ લોડાયા-મુખ્ય સલાહકાર, રતીલાલ કેશવજી શાહ-વિશેષ આમંત્રિત, પ્રવિણ માણેકજી મૈશેરી-વિશેષ આમંત્રિત, ચંદ્રેશ વીરચંદ છેડા-ઉપ પ્રમુખ, ભાવિક શશીકાંત નાગડા-સહસચિવ, અમિત મૈશેરી અને હિતેશ શરદ મોમાયા, સૌ. ગીતા હરીશ લોડાયા અને સૌ. હેતલ ગીત શિયાડ-સાંસ્કૃતિક સમિતિ-મહિલા, મિલન ઉત્તમ મૈશેરી-વરઘોડા વ્યવસ્થા સમિતિ, યોગેશ ગોવિંદજી મોમાયા-ભોજન વ્યવસ્થા, સંજય વાલજી જીવાણી અને ઉત્તમ ખીમજી મૈશેરી-પુજા સમિતિ અને નયન સતીશ છેડા-કારોબારી સભ્ય નીમાયા છે. ક.દ.ઓ. જૈન યુવા મંડળને વરઘોડા વ્યવસ્થા સોંપાઈ છે.

અત્રે મહાવીર જયંતિ ઉત્સવ પંદર દિવસ ધૂમધામથી મનાવવામાં આવે છે. જૈન સમાજના બધા ફિરકાઓનો સમાવેશ કરવામાં આવે છે. આ ઉત્સવની રાષ્ટ્રસ્તરે નોંધ લેવાય છે.

## શ્રી છત્તીસગઢ કચ્છી જૈન સંઘ-રાયપુર

પૂ. રામચંદ્રસૂરી સમુદાયના પૂ.આ. રત્નસેનસૂરિ મ.સા.ના શિષ્ય શ્રી કિર્તીરત્ન વિજયજી મ.સા. આ.ઠા.-૨ તા. ૮ અને ૯ એપ્રિલ-૧૩ના બે દિવસ કુંથુનાથ જિનાલયના ઉપાશ્રયે સ્થિરતા કરી. સવારના બધા ભાવિકોએ પ્રવચનનો લાભ લીધેલ. વ્યાખ્યાન બાદ પ્રભાવના રાખવામાં આવી. ભૂવનભાનુ સમુદાયના પુ.સા. સૌમ્યપ્રજ્ઞાશ્રીજી મ.સા. ૧૪.૪ના કુંથનાથ જિનાલયે પધારેલ. એક દિવસ સ્થિરતા કરી વિહાર કરેલ.


K. Dixit
રીયલ ડાયમંડ જ્વેલરી
કૌશિક રાયચંદ શાહ (પટેલ)
(સાંધાણ - ઘાટકોપર)
98204 57676
લગ્ન પ્રસંગ માટે લાઈટ વેઈટ
રીંગ, પેંડન્ટ, બાલી, બ્રેસલેટ, બેંગલ્સ
તથા નેકલેસનું આકર્ષક કલેક્શન



### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | ૭,૦૦૦ | ૪,૦૦૦ |
| અડધું પાનું | 160 x 111 mm | ૪,૦૦૦ | ૨,૨૫૦ |
| પા પાનું | 77 x 111 mm | ૨,૫૦૦ | ૧,૨૫૦ |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | - | ૭૦૦ |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | ૩૫૦ |

પેમેન્ટ ચેક CDO PRAKASH SAMIKSHA ના નામે મોકલવું.

## સાંયરા

અત્રે ભોજનશાળામાં ફોટોસ્ક્રીનમાં રૂા.૫૦૦૦ માતુશ્રી લક્ષ્મીબાઇ કુંવરજી લોડાયા હ. મધુબાઇ નવીન લોડાયા (સાંયરા) નું નામ આવેલ છે.

## ખંડવામાં આયંબીલ આરાધના

ખંડવામાં ચૈત્રી આયંબીલ ઓળીમાં ૧૨૨ આયંબીલ થયા. શ્રી દાનમલજી બોથરા પરિવારે ઓળી આરાધનાનો લાભ લીધેલ. દેરાસરનું જિર્ણોદ્ધાર કાર્ય ચાલુ છે.

## મુલુન્ડમાં વરસીતપ નાણોચ્ચાર કાર્યક્રમ

મુલુન્ડમાં તા.૩.૪.૧૩ના સવારે ૮ કલાકે પૂ.આ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. તથા શ્રમણ-શ્રમણની વૃંદની નિશ્રામાં વરસીતપ નાણોચ્ચાર કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનું આયોજન શ્રી મુલુન્ડ અચલગચ્છ જૈન સમાજ અને શ્રી મોડપર જૈન સંઘના સંયુક્ત ઉપક્રમે થયેલ.

શ્રી મોડપર જૈ સંઘ દ્વારા ત્રણ માસ અગાઉ સરક્યુલર અને જાહેરાત દ્વારા ફોર્મ વિતરણ કરવામાં આવેલ તેને સુંદર પ્રતિસાદ મળેલ. આ વરસે વરસીતપ પ્રારંભ કરનારના કુલ ૨૨૭ નામ મળેલ અને તેઓએ પૂ. આચાર્ય સાહેબનાં મુખેથી ચૌમુખ ભગવાન સમક્ષ વિધિવત નાણોચ્ચાર કરેલ. આ સર્વે તપસ્વીઓની તપસ્યા નિર્વિઘ્ને પૂર્ણ થાય તેવી શુભેચ્છાઓ અપાઇ. આ તપસ્વીઓમાંથી કુલ ૧૩૧ તપસ્વીઓએ એક વર્ષ વરસી તપની પુર્ણાહૂતિ સમયે પારણા કરવા મોડપર શ્રી સુપાર્શ્વનાથ દાદાના દરબારે નૂતન શિખરબધ્ધ સંગેમરમર યુક્ત જીર્ણોદ્ધાર થયેલ ૪૦૦ વર્ષના પ્રાચીન જિનાલયની પ્રતિષ્ઠા મહોત્સવે હાજરી આપશે.

આ પ્રતિષ્ઠા પૂ.આ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના હસ્તે શ્રમણ-શ્રમણી વૃંદની નિશ્રામાં તા.૫.૫. ૨૦૧૪ ના નિર્ધારી છે. વરસીતપના પારણાં તા.૨.૫.૨૦૧૪ના મોડપર મુકાશે થશે. આ પ્રસંગે શ્રી મોડપર સંઘના પ્રમુખ શ્રી પંકજ કેશવજી ધરમશીએ તેમના ઉદ્‌બોધનમાં સૌને વિશાળ સંખ્યામાં મોડપર નગરે પ્રતિષ્ઠા મહોત્સવમાં પધારવા આમંત્રણ આપેલ. તપસ્વીઓને આવવા-જવાની વ્યવસ્થા શ્રી મોડપર જૈન સંઘ દ્વારા કરવામાં આવશે તેવી જાહેરાત કરી હતી. આ પ્રસંગે સારી સંખ્યામાં જ્ઞાતિજનો પધાર્યા હતા. નવકારશીની વ્યવસ્થા કરવામાં આવેલ. દરેક તપસ્વીને રૂા. ૧૫૧/- ની પ્રભાવના શ્રી મોડપર જૈન સંઘ તરફથી કરવામાં આવેલ.

આ પ્રસંગે ઝવેર રોડ મુલુંડ સંઘના પ્રમુખ શ્રી દિપક ગોશર, સેક્રેટરી શ્રી મુકેશ મૈશેરી, ટ્રસ્ટી કમલેશ લાપસીયા અને અન્ય આગેવાનોની હાજરીમાં પૂ.આ. શ્રીને આગમ સૂત્રો અર્પણ કરેલ. વરસીતપના નામ અખાત્રીજ સુધી લેવાશે.

આ પ્રસંગે શ્રી મુલુંડ સંઘ તથા શ્રી મોડપર સંઘના આગેવાનોના સાથ સહકારથી સુંદર રીતે સંપન્ન થયેલ.


**પાલવ મુલુન્ડમાં ૪૦% વાર્ષિક સેલ**

**ઝીણાબંધની બાંધણી, ધરચોળા, બોર્ડર, ચણીયાચોલી, ડ્રેસ મટેરીયીલ્સ, ચપ્પલ, બેગ્સ,**

**દુકાન નં.૧, ઓ-વીંગ, વર્ધમાનનગર મુલુન્ડ (વે), ફોન : 25616842 / 25906287**


## બાગલકોટમાં સમુહ વર્ષીતપ પારણા

બાગલકોટ નગરે વિમલનાથ જિનાલયે મરુધર જૈન સંઘ દ્વારા સામુહિક વર્ષીતપ પારણા ઉત્સવ તા.૧૧ થી ૧૩/૦૫/૧૩ દરમ્યાન પૂ.પં. શ્રી હીરચંદ્રવિજયજી મ.સા. આ.ઠા.ની નિશ્રામાં ઉજવાશે. આ સમુહ વર્ષીતપની પ્રેરણા પૂ. મુનિ શ્રી દેવરત્નસાગરજી મ.સા.એ આપી. તા.૧૦/૫ ના શ્રમણ-શ્રમણીઓ આ પ્રસંગે બારાલકોટ પધારશે.

આ વર્ષીતમાં ૩૯ અન્ય તપસ્વીઓ સાથે પદમશીભાઇ ધરમશી, ગુલાબચંદ સોની, કુમારપાલ ધરમશી, ચંદનબાઇ સોની, ઉર્મીલાબેન ધરમશી, પ્રભાબેન ધરમશી, વર્ષાબેન સોની અને ખુશાલી સોની પણ જોડાયા છે.

## શાલીમાર-ભુજ ટ્રેનને ઉષ્માભર્યો આવકાર

શાલીમાર-ભુજ ટ્રેન ભુજ રેલ્વેસ્ટેશને આવી પહોંચતા રેલ્વે વિતરણ અને કચ્છ પેસેન્જર્સ એસોસિએશન ભુજ અને ભુજ રેલ્વેસ્ટેશન સલાહકાર સમિતિ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવેલ.

ડી.આર.યુ.સી.સી. સભ્ય શ્રી એ.વાય આકબાની, રેલ્વે વિસ્તરણ અને કચ્છ પેસેન્જર્સ એ.સો.નાં રજની પટવા, પ્રબોધ મુનવર, રેલ્વે સ્ટેશન સલાહકાર સમિતિનાં રાજેન્દ્રસિંહ જાડેજા, પરાક્રમસિંહ જાડેજા અને અરૂણ જૈને સ્વાગત કર્યું હતું.

ટ્રેન ચાલકો પ્રફુલ્લ પટેલ તથા નાસિરખાન અને ગાર્ડનું ફૂલહાર તથા શાલ ઓઢાળી સન્માન કરવામાં આવેલ. રેલ્વે સ્ટેશને ઉપસ્થિત સર્વેને મીઠું મોઢું કરાવવામાં આવેલ.

---

**ભુલ સુધાર :** 'સગપણ સેતુ' વિભાગમાં ઉમેદવાર ક્રમાંક ૪૮૯ની જન્મ તા. શરતચુકથી ૨૦.૬.૮૬ છપાઈ છે જે સુધારીને **૨૦.૬.૮૮** વાંચવી.

**પાસ થયા - હાર્દિક અભિનંદન.....**

**સૌ. જિનલ કેવલ મોમાયા** (જામનગર)
M.S.W. 65%

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-બેંગલોર

મહાજન દ્વારા ૧૧.૪.૧૩નાં શ્રી ભલારાદાદાની સમુહ પહેડીનું આયોજન માતુશ્રી જવેરબાઈ ધનજી કલ્યાણજી ધરમશી-કચ્છી ભવનમાં કરવામાં આવ્યું હતું. સાંજે પાંચ વાગ્યાથી બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોની વિશાળ હાજરીમાં દાદાશ્રીની ભક્તિભાવના, પહેડી તથા આરતી બાદ ભાવતાં ભોજનનો લાભ લઈ બધા આનંદીત વાતાવરણમાં છુટા પડેલ.

## શ્રી દ.ભા.ક.દ.ઓ. જૈન એકમ

એકમ સંચાલિત કચ્છીભવનનો જ્ઞાતિજનો લાભ લઈ રહ્યા છે. બહારગામથી પધારનારે રૂમ માટે ઓછામાં ઓછા સાત દિવસ અગાઉ પત્ર, એસએમએસ, ઈ-મેઈલથી જયચંદભાઈ (૦૯૮૮૬૧૦૬૯૧૨) નો સંપર્ક કરી નોંધાવવા વિનંતી કરાઈ છે. એકમ ક્ષેત્રના બધા જ મહાજનોને તેમના ક્ષેત્રની સંપૂર્ણ માહિતી તુરંતમાં એકમ ઓફીસને મોકલવા જણાવાયું છે.

## કલકત્તા જૈન મહિલા મંડળ

કિર્તીબેન શાહ દ્વારા ત્રિભોવનદાસ ભીમજી ઝવેરીના શૉ રૂમમાં કીટી પાર્ટી યોજાયેલ. સ્ટ્રોની ગેમ્સમાં કેતના શાહ અને ઉષાબેન શાહને ઈનામ મળેલ. હાઉઝી તેમજ અલ્પાહાર શૉરૂમવાળા તરફથી રાખવામાં આવેલ. ધનલક્ષ્મીબેન હરીશ ધુલ્લાના ભાઈના આત્મશ્રેયાર્થે તેમના ઘરે જાપ રાખવામાં આવેલ મંડળને ૨૫૧ રૂા. ભેટ મળેલ.

તા.૨૨.૩.૧૩ના મંજરીબેન વીરાના ઘરે કોફી મીટ રાખવામાં આવેલ બપોરનું લંચ તેમના તરફથી હતું. ગેમ્સ રમાડેલ તેમાં મીતા લાલકા, ભારતી લાલકા અને નયના ભુરિયાને ઈનામ મળેલ. ચા-પાણી બાદ સૌ છૂટા પડ્યા. ગુજરાતી મહિલા મંડળ યોજીત હોળીના કાર્યક્રમમાં ડ્રેસ કોડમાં પ્રભાબેન ધુલ્લાને ઈનામ મળેલ. ૨૪.૩.૧૩ના યુવામંડળ તરફથી યોજાયેલ હોળી કાર્યક્રમમાં તેમાં ગેમ્સના સ્ટોલ રાખવામાં આવેલ. આ કાર્યક્રમ માટે નિખીલ લાલકા વિરલ ભુરિયા એ સારી જહેમત ઉપાડેલ. ૧.૪.૧૩ ગુણવંતીબેન લુઠિયા તરફથી વેદનીય કર્મની પૂજા ભણાવવામાં આવેલ. મંડળને ૫૦૦ રૂા. ભેટ મળેલ. ૮.૪.૧૩ના ભારતીબેન લાલકા તરફથી મંગલમ હોટલમાં કીટી પાર્ટીમાં કોઈન ગેમ્સ રમાડવામાં આવેલ. તેમાં મંજરી વીરા, મીતા લાલકા, રીટા સાવલાને ઈનામ મળેલ. હાઉઝી રમી લંચ લઈ બધા છૂટા પડયા.

## ભુજમાં મહાવીર જન્મકલ્યાણક ઉજવણી

સમગ્ર વિશ્વને ક્ષમા અને અહિંસાનો સંદેશો આપનાર મહાવીરસ્વામિનાં જન્મ કલ્યાણકની ભુજ સમસ્ત જૈન સમાજ દ્વારા શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. ભુજનાં વાણિયાવાડ ડેલાનાં આદિનાથ જિનાલયેથી વાજતે-ગાજતે પ્રભુજીનો ભવ્ય વરઘોડો પૂ.આ.શ્રી મુક્તિચન્દ્ર સુરી, આ.શ્રી મુનિચન્દ્રસુરી, પૂ.પં. યશોવિજયજી મ.સા. તથા આદિ શ્રમણ-શ્રમણિવૃંદની નિશ્રામાં નીકળ્યો હતો. દાતાઓએ શોભાયાત્રાનાં વિવિધ લાભ લીધા હતા.

શોભાયાત્રામાં વિવિધ પ્રકારે સજાવટ-ઝાંખીઓ તૈયાર કરાઈ જે જૈન-જૈનેતરનું આકર્ષણ બનેલ. વરઘોડા માર્ગે વરિયાલી પાણી, ગુલકંદ પાણી, છાશ વિગેરેનું વિતરણ કરાયું હતું. વરઘોડામાં જૈન સમાજનાં આગેવાનો અને રાજકીય પ્રતિનિધિઓ જોડાયા હતા.

સુપાર્શ્વ જૈન સેવા મંડળ દ્વારા ગાયોને ઠેર-ઠેર નીરણ અપાયું હતું. માનવજ્યોત-ભુજ દ્વારા શહેરમાં કુંડા-કુંડીઓ-ચકલીઘર વિગેરેનું વિતરણ સાથે જીવદયાનું કાર્ય કરાયું હતું.

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુન્ડ

મંડળ દ્વારા સતત ૪૬ વર્ષોથી મહાકાલી માતાજીની ભાવના તા.૧૨.૫.૧૩ ના રાતે ૯ કલાકે શ્રી વાસુપુજ્ય જિનાલયે રાખેલ છે. જેનો લાભ શ્રી ગોવિંદજી લાલજી પટેલ પરિવાર (સાંધવ)એ લીધેલ છે.

આગામી ભાવના તા.૧૬.૦૬.૧૩ ના છે જેનો લાભ શ્રી કલ્યાણજી માણેકજી મૈશેરી પરિવાર (માંડવી) એ લીધેલ છે.

## વડાલા

પૂ.સા.શ્રી ગુણમાલાશ્રીજી મ.સા. તા.૧૧.૪.૧૩ ના સમાધીપૂર્વક ભાંડૂપ મુકામે કાલધર્મ પામ્યા તે નિમિત્તે શ્રી વડાલા સંઘ તરફથી તા.૧૬.૪.૧૩ ના સવારના ૧૦.૩૦ કલાકે ઉપાશ્રયે શ્રી પંચમહાવ્રતની મોટી પૂજા ભણાવવામાં આવેલ. આ પૂજા શ્રી વીર ભગિની મંડળની બહેનોએ સંગીતના સથવારે રાગરાગિણીથી ભણાવેલ. માતુશ્રી વિજયાબેન પ્રેમજી છેડા પરિવાર (ગોધરા) તરફથી રૂા.૧૦ ની પ્રભાવના થયેલ. મંડળની બહેનોએ જીવદયા ખાતે સારી રકમ લખાવેલ.

શુભેચ્છા સહ....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
અંબા શીપીંગ એજન્સીઝ
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

જયપુરી
કોટન ડ્રેસ મટીરીયલ/કુર્તી
હોલસેલ ભાવે મળશે.
પરીતા કલેક્શન મો : 9619908833

## નલિયામાં મેડિકલ કેમ્પ

શ્રી ક.દ.ઓ. જૈન (નલીયાવાસી) મુંબઇ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજીત બારમો નિશુ:લ્ક સારવાર કેમ્પ નલીયામાં શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિભવનમાં યોજાયેલ.

આ કેમ્પ માટે પૂ.શ્રી વિજયશાંતીસુરીશ્વરજી મ.સા.ની મુખ્ય સંસ્થા શ્રી શાંતિદેવ સેવા સમિતી-મુંબઇ અને સાથી દાતાઓનો આર્થિક સહયોગ મળેલ.

આ નિશુ:લ્ક સારવાર કેમ્પ તા.૧૭.૦૨.૧૩થી તા.૧૬.૦૩.૧૩ દરમ્યાન થયો. પૂ. મુનિશ્રી કંચનસાગરજી મ.સા. તથા પુ. ધર્મરત્નસાગરજી મ.સા. પ્રારંભે આર્શીવચન આપીને ટ્રસ્ટની પ્રવૃત્તિને બિરદાવી હતી. શ્રી માવજીભાઇ બારૈયાએ દીપ પ્રગટાવીને આનું ઉદ્‌ઘાટન કરેલ. આ કેમ્પના મુખ્ય દાતા શ્રી શાંતિદેવ સેવા સમિતી વતીથી શ્રી અનિલભાઇ ખોના હાજર રહ્યા હતા. આ ઉદ્‌ઘાટન પ્રસંગે તાલુકા પંચાયતના શ્રીમતી વિમલાબેન આસર, સરપંચ શ્રી સતીશભાઇ ઠક્કર, શ્રી કિશોરભાઇ સોનાગેલા, ડૉ.ભરત સંજોટ અને શ્રી દિલીપસીંહજી જાડેજા આ પ્રસંગે પધારેલા. કાર્યક્રમનું સંચાલન શ્રી જયપ્રકાશ ગોરે કરેલ.

કેમ્પમાં સવારે ૮.૩૦ થી બપોરે ૧૨.૩૦ સુધી અને બપોરે ૩ થી સાંજના ૭ સારવાર ચાલતી હતી. આ કેમ્પમાં હાથ પગનો દુ:ખાવો, પેરેલેસીસ, મસક્યુલર ડિસ્ટ્રોફી, સ્પાઇનલ મસક્યુલર એટ્રોફી-ટાઇપ-૧, આંખની તકલીફ, ડિપ્રેશન વગેરે માટે લગભગ ૫૦૦ દર્દીઓને સફળ સારવાર અપાઇ. દરેક દર્દીને ઓછામાં ઓછી ત્રણ વખત એટલે કે ત્રણ દિવસ ટ્રીટમેન્ટ આપેલ હતી. ડૉ. ઉપેન્દ્રભાઇ શાહ (ભાવનગર)એ નિસ્વાર્થ ભાવે દવા સાથે દુવાનો અદભુત સમન્વય કરી આવેલ દર્દીઓની સારવાર કરેલ હતી.

આ નિદાન કેમ્પમાં શ્રી હિરાચંદભાઇ મૈશેરી, શ્રીમતી કવિતાબેન મોતા, કુ. અપેક્ષાબેન મૈશેરી અને ઇલાબેન દંડ નિસ્વાર્થ ભાવે સેવા આપી હતી. શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિભવનના સ્ટાફ શ્રી પવનકુમાર સાયલા, શ્રીમતી પારૂલબેન સાયલા તથા શ્રીમતી સારાબાઇ નુટીયાએ આ કેમ્પ સફળ બનાવવામાં સારો ફાળો આપેલ.

## વતનનાં વહેણ...

સામાજિક કાર્યકર શ્રી લબ્ધિ મોમાયા દ્વારા જખૌ પાંજરાપોળ વથાણમાં અબોલ પ્રાણીઓ માટે ઘાસચારો નખાય છે.

**પરસ્પર સંમતિથી છુટાછેડા**

**તા.૨૨.૦૪.૨૦૧૩**

**જામનગર : રાજેશ વાલજી નાગડા (રાપરગઢ)**

**મુલન્ડ : સોનલ ગુલાબ પોલડીયા (બાયઠ)**

કચ્છમાં કમોસમના માવઠા અને ભુજ-વાગડ પંથકમાં બે-ત્રણ ઈંચ વરસાદ થતા વહેલું ચોમાસું બેસ્યાનો અનુભવ થયો હતો. ભરઉનાળે જોરદાર વરસાદ થતાં અચાનક થતી ગરમીમાં થોડી રાહત થઈ છે. આ કમોસમી વરસાદથી ઉભા પાકને નુકશાન થવાના તથા બિમારીઓ વધવાનો ભય છે. સતત અછતમાં પશુધન માટે ઘાસચારાની રાહત થશે.

જખૌમાં સંત ઓધવરામ મહારાજની ૧૨૩મી જન્મજયંતિ પ્રસંગે ઉત્સવ ઉજવાયો હતો. ભાનુશાલી સમાજના ભાવિકો મોટી સંખ્યામાં પધારેલ.

## કચ્છમાં અમૂલ ડેરી સ્થાપાશે

ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક ફેડરેશન લિ. અમૂલ આગામી છ મહિનામાં ગુજરાતમાં નવી પાંચ ડેરી સ્થાપી રહી છે. આ પાંચ સ્થળોમાં અમરેલી, સુરેન્દ્રનગર, કચ્છ, જૂનાગઢ અને ભાવનગરમાં ડેરી સ્થાપતા તેની ગુજરાતની દૈનિક દૂધ ઉત્પાદનની ક્ષમતા વર્તમાન દૈનિક ૧૪૮ લાખ લિટરથી વધીને ૧૬૯ લાખ લિટરની થશે.

## ૩.૧ કરોડ જનતા સુધી નર્મદા પહોંચી

સરદાર સરોવર નર્મદા પ્રોજેક્ટ અંતર્ગત રાજ્ય સરકારે છેલ્લાં બે વર્ષમાં ૯ હજાર કરોડની ફાળવણી કરી છે. રાજ્યના ૭૪૦૯ ગામો અને ૧૧૮ નગરોની ૩.૧ કરોડની જનતાને નર્મદાનું શુદ્ધ પીવાનું પાણી મળતું થયું છે. એવો સરકાર તરફથી દાવો છે.

## છેલ્લાં ૧૨ વર્ષમાં ૧.૩૨ હજાર નવા ચેકડેમો

રાજ્ય સરકારે છેલ્લા ૧૨ વર્ષમાં ૧,૩૨,૮૧૨ નવા ચેકડેમો બનાવ્યા છે. તેમજ ૭૨૦૦ મિલિયન ક્યુબીક ફિટ વધારાના જળસંગ્રહ માટે મોટી ટાંકીઓ અને સંગ્રહનું આયોજન કર્યું છે. ભૂ-જળની બચતથી ૪.૫૦ લાખ હેક્ટર જમીનમાં સિંચાઈ સુવિધા ઉપલબ્ધ થઈ છે.

## લાયજા નજીક શીપ બિલ્ડીંગ યાર્ડ

માંડવી નજીક લાયજા પાસે સ્થાપિત થનારા પોર્ટ અને શીપ બિલ્ડીંગ યાર્ડના ચક્રો ગતિમાન થયા હોવાનું જાણવા મળી રહ્યું છે. ડીબીએમ જીયોલોજીકલ ટેક્નોલોજી એન્ડ કન્સ્ટ્રક્શન નામની કંપની દ્વારા લાયજાના દરિયામાં ૧ ચો.કી.મી.ના વિસ્તારમાં સર્વે હાથ ધરાયો હતો.

આઈએલએફએસ કંપની દ્વારા આ પ્રોજેક્ટ નિર્માણ પામનાર છે. માંડવીના દેશી વહાણવટ્ટા ઉદ્યોગના મૃત્યુ ભણકાર વાગી રહ્યા છે ત્યારે અને દેશી વહાણવટ્ટા નિર્માણ કાર્ય બંધ અવસ્થામાં પડ્યું છે ત્યારે લાયજા પાસે શીપ બિલ્ડીંગ યાર્ડ જહાજ વર્કશોપ નિર્માણ પામે તો અલંગની માફક ધમધમાટ ચાલુ થાય અને વૈશ્વિક વ્યાપાર ક્ષેત્રે કચ્છ-માંડવીમાં નવો ઉદય થાય તેમ છે.

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**ધનપતિ પદમશી લોડાયા** ૫, હીરા આર્કેડ, ઠાકુરવાડી, દીનદયાલ ક્રોસ રોડ, ડોંબિવલી (વેસ્ટ) ૪૨૧૨૦૨ ફોન : 9619184859

**મિનલ અનિલ સોની** પ્લોટ ૧૮, સર્વે નં.૪૬૩/૧/૨, શંભાજી ચોક, જલગામ, ૪૨૫૦૦૧. ફોન : 9990190774

**કૌશિલ કે. અજાણી** ૭-સી, ભવ્યા બ્લોક, મહાલક્ષ્મી ઉત્સવ, ૩૩૯, કોન્નુર હાઇ રોડ, અયનાવરં, ચેન્નઈ-૬૦૦૦૨૩. ફોન : 044-23456501 / 09841088762

## નવા/બદલાયેલા ફોન નંબર

**મધુબેન તીલકચંદ લોડાયા** અમદાવાદ - **09825713998** **સચીન તીલકચંદ લોડાયા** અમદાવાદ - **09825698222**

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૮.૦૩.૧૩ | માટુંગા | TRMT 050204 | ખુશ-ચિંતન હીરાચંદ ખોના | તેરા | પુત્ર |
| ૦૪.૦૪.૧૩ | ડોંબિવલી | VVVK | જીલ - આરતી/કિશોર હંસરાજ વિકમશી | વારાપધર | કન્યા |
| ૧૫.૦૩.૧૩ | કલિકટ | SANG050101 | લવિન - મિનલ/ભાવેશ કે. નાગડા | સાંધાણ | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૭.૦૪.૧૩ | બેંગલોર | JKSO 010704 | મિતેશ ખુશાલચંદ્ર રતીલાલ સોની | જખૌ | ૨૭ |
| | અંધેરી | JKKN 020403 | પ્રત્યા તિલક આણંદજી ખોના | જખૌ | ૨૪ |
| ૧૭.૦૩.૧૩ | માટુંગા | TRKN 050205 | કરણ હીરાચંદ નારાણજી ખોના | તેરા | ૨૫ |
| | ભાંડુપ | VRDA 070604 | જિનલ હરીશ ધનજી ડાઘા | વરાડીયા | ૨૨ |
| ૭.૦૪.૧૩ | અમદાવાદ | JKSO 010704 | સચિન તિલકચંદ ખીમજી લોડાયા | વારાપધર | ૨૬ |
| | કલીકટ | JKKN 020403 | સ્નેહા નલીન હીરજી છેડા | નલીયા | ૨૬ |
| ૧૫.૦૪.૧૩ | ભુજ | KRMU 010706 | અજેશ પ્રબોધ હીરાચંદ મુનવર | કોઠારા | ૨૫ |
| | મુંલુંડ | PRNG09 0202 | રીચા સતીશ વિશનજી નાગડા | પરજાઉ | ૨૪ |
| ૧૧.૦૪.૧૩ | ડોંબિવલી | NLMO011903 | નિખિલ વિરેશ ભવાનજી મોમાયા | નલિયા | ૩૨ |
| | મુંલુંડ | SUDD040401 | ખુશ્બુ હર્ષદ શનિલાલ દંડ | સુથરી | ૨૯ |
| ૧૨.૦૪.૧૩ | ખિરકીયા | LLNG013904 | ગુંજન રૂપચંદ ભવાનજી નાગડા | લાલા | ૨૮ |
| | હુબલી | VVLO010903 | રૂચી ચેતન નવીનચંદ લોડાયા | વારાપધર | ૨૫ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧.૦૪.૧૩ | હાલોલ | KRNG040303 | ભાવિન વિજેશ પૂનમચંદ નાગડા | કોઠારા | ૨૪ |
| | વડોદરા | A | ધારા સંજય નવનીતલાલ શાહ | વડોદરા | ૨૩ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૪.૦૧.૧૩ | ઘાટકોપર | KRLO210504 | કુમાર ચંદ્રકાંત કુંવરજી લોડાયા | કોઠારા | ૨૮ |
| | મુલુંડ | NLCD010303 | રિદ્ધી પિનાકીન જેઠાભાઇ છેડા | નલીયા | ૨૮ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧.૦૨.૧૩ | ભુજ | SADH010107 | હિતેશ દિનેશ વેલજી ધરમશી | સાંધાણ | ૨૮ |
| | સુથરી | A | રશ્મિ દરબારસિંહ રજપૂત | ઇન્દોર | ૨૨ |

### છૂટાછેડા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૭.૦૮.૦૪ | ડોંબિવલી | SPCD040201 | જીતેન્દ્ર સોમચંદ જેતશી છેડા | સુજાપર | ૫૧ |
| | સુથરી | SUKN | નિરૂપમા સોમચંદ મુલજી ખોના | સુથરી | ૪૮ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧.૦૪.૧૩ | બેલ્લારી | NLNG160801 | ચિત્તરંજન દામજી ઉમરશી નાગડા | નલીયા | ૬૩ |
| ૧૯.૦૪.૧૩ | કોચીન | NLNG020102 | હીરાવંતી ભવાનજી હંસરાજ નાગડા | નલીયા | ૭૨ |
| ૧૮.૦૪.૧૩ | બદલાપૂર | VRMO250101 | લક્ષ્મીચંદ ટોકરશી મુલજી મોમાયા | વરાડીયા | ૬૯ |
| ૨૩.૦૪.૧૩ | દેવલાલી | SIMO090101 | ગુલાબચંદ રતનશી પુનશી મોમાયા | સાંયરા | ૭૫ |

|| શ્રી અજિતનાથ સ્વામીને નમઃ ||

# શ્રી ''આણંદ પરિવારના સભ્યની ઝળહળતી સફળતા

પુ. અચલગચ્છાધિપતીશ્રીના આજ્ઞાધારિણી, આણંદ પરિવારના ગૌરવ
પુ. સા. હંસાવલીશ્રીજી મ.સા. ના અમીભર્યા આર્શિવાદથી

## વિદેશ પ્રવાસ - નિમણુંક



**સૌ. (ડૉ.) મહીમા મોહીત હીરાચંદ દંડ** (MDS)

પ્રોફેસર -

**શ્રી ધર્મસ્થળ મંજુનાથેશ્વર ડેંટલ સાયન્સ કોલેજ તથા હોસ્પીટલ - ધારવાડ**
**(S.D.M. Dental Science College)**

## હાર્દિક અભિનંદન

રોટરી ક્લબ, ડીસ્ટ્રીક્ટ-૩૧૭૦ દ્વારા સૌ. (ડૉ.) મહીમાની, G.S.E. (Group Study Exchange માં નિમણુંક થતાં; રોટરી ક્લબ - ડીસ્ટ્રીક્ટ-૫૨૩૦, કેલીફોર્નિયા (અમેરીકા) ના પ્રવાસ તા. ૨૦.૦૪.૨૦૧૩ થી તા. ૨૫.૫.૨૦૧૩ સુધી, અમેરીકાના વિવિધ સ્થળોની મુલાકાત દરમિયાન, સફળતાની સિદ્ધિના સોપાનની પ્રાપ્તિ કરો એવી શુભેચ્છાઓ.

### હાર્દિક શુભકામનાઓ

મોહીત હીરાચંદ ડુંગરશી દંડ (તેરા-હુબલી) • ચિ. અમીત હીરાચંદ ડુંગરશી દંડ
સૌ. લલીતા હીરાચંદ ડુંગરશી દંડ • સૌ. જાસ્મીન ગીતેશ મહેન્દ્ર છેડા (સુથરી-ન્યુ જર્સી, અમેરીકા)
ચિ. દીશા મોહીત દંડ • ચિ. આયુશ ગીતેશ છેડા

| | | |
|---|---|---|
| માતા-પિતા | : | સૌ. મનોરમા તીલકચંદ કુંવરજી લોડાયા પરિવાર (સાંયરા-ચેન્નઈ) |
| નાનાણાં | : | પુ. લીલબાઈ ગોવિંદજી આણંદજી નાગડા પરિવાર (તેરા-નાંદેડ) |
| ફઈ સાસુઓ | : | ગં.સ્વ. રતનબાઈ દામજી મુલજી લોડાયા (ભુજ) |
| | | ગં.સ્વ. નવલબાઈ કાનજી મેઘજી લોડાયા (કોચીન) |
| | | ગં.સ્વ. તરલાબેન રતીલાલ વર્ધમાન નાગડા (ઈંદોર) |
| નાનાણાં સાસરા | : | પુ. રતનબાઈ માણેકજી કુંવરજી પાંચારીયા પરિવાર |
| | | (જખૌ સાંગલી-મીરજ-હુબલી) |
| મામી સાસુ | : | શ્રીમતી અરૂણા પ્રતાપ માણેકજી નાગડા પરિવાર (હુબલી) |

તથા

## સમસ્ત આણંદ પરિવાર

સૌજન્ય : શ્રી કેન્વાસર્સ, 48-Swimming Pool Complex, 1st Floor, P. B. Road, New Cotton Market, Hubli - 580029
Phone : (0836) 2351009/2366797 Mob. : 9845551009.

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14 • day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# TENDER SALE OF DEVELOPMENT RIGHTS

## APPROX 16 Acres

**AT DOMBIVLI ( EAST )**

**AT VILLAGE MANGAON,**

**MMRDA AREA**

**ON AS IS WHERE IS & WHAT IS BASIS**

**EMD AMT. 1.0 Cr. By BANK GUARANTEE**

**Write to :**

**pmc@eepsilon.com for details**

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**